Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

The Atmanand Prakash. REGISTERED No. B. 431

श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः

श्री

# आत्मनन्द प्रकाश.

सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः

नैर्मल्यं मानसं च स्वपरहितकृते जायतेसत्प्रवृत्तिः
शुद्धं सम्यक्त्वरत्नं गुणगणकिरणैर्भासितं प्राप्यते यत् ।
शुद्ध ज्ञानानुरागो गुरुचरणरतिर्लभ्यते चापि पूर्णा
आत्मानंद प्रकाशे प्रसरति हृदये दुर्लभं किं जनानाम् ॥१॥

पु. १५. } वीर सं. २४४४—चैत्र. आत्म सं. २२. } अंक ९ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. | નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|---|---|
| ૧ | સમ્યગ્દર્શન પદ સ્તુતિ. ... | ૧૯૯ | ૬ | પન્યાસજી મહારાજશ્રી દાનવિજયજીનું વ્યાખ્યાન. ... | ૨૨૦ |
| ૨ | જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૨૦૦ | ૭ | એક સુધારો. ... ... | ૨૨૧ |
| ૩ | લોકપ્રિય થવાની કળા.... ... | ૨૦૮ | ૮ | શ્રી પાનસરના પ્રતિષ્ઠા મહોત્સવ માટે સુચના. ... ... | ૨૨૨ |
| ૪ | વિવેકબુદ્ધિનો વિનિપાત... ... | ૧૮૪ | ૯ | વર્ત્તમાન સમાચાર. ... | ૨૨૨ |
| ૫ | સૂક્ત રત્નાવળી રહસ્ય. ... ... | ૨૧૮ | | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# " શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર. "

## ( શ્રીમદ ભાવવિજયજી વિરચિત. )

## થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

સર્વે સાધુ મુનિમહારાજા, સાધ્વીશ્રી, યતિવર્ગ અને જ્ઞાન ભંડારના વ્યવસ્થાપકોને ખબર આપવામાં આવે છે કે અમારા તરફથી એટલે બાબુ ચુનીલાલજી પન્નાલાલજી ઝવેરી તરફથી શ્રીમદ્ ભાવવિજયજીની રચેલી ટીકા સહીત શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર છપાવવામાં આવ્યું છે તે તૈયાર થઈ ગયું છે. જેની કિંમત રૂપીયા પાંચ રાખવામાં આવેલ છે માટે જેને ખપ હોય તેમણે **ભાવનગર (કાઠીયાવાડ) શ્રી જૈન આત્માનંદ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને** લખી મંગાવી લેવું જેના નામથી વી. પી. મંગાવવું હોય તેનું નામ ઠેકાણું સાફ અક્ષરે લખવું, પોસ્ટ ખર્ચ કીંમતથી જુદો સમજવો. લી૦ **બાબુ ચુનીલાલજી પનાલાલજી ઝવેરી,**

દા૦ કચરાલાલ—**મુંબઇ.**

---

# અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

## માનવંતા લાઇફ મેમ્બરોને નમ્ર સૂચના.

હાલમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થયા છે જેમાં નંબર ૩–૪ જેમાં કે પૂરતી દ્રવ્યની સહાય મળેલ હોવાથી મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના છે. તેમજ નંબર ૧–૨–૫–૬ માં દ્રવ્યની અર્ધ સહાય મળવાથી મુનિમહારાજ તથા જ્ઞાનભંડારને માટે મંગાવનારને મુદ્દલ કિંમતથી અડધી કિંમતે આપવામાં આવશે, અને નંબર ૭ ઐતિહાસિક ગ્રંથ હોવાથી અગાઉ માસિકમાં જણાવ્યા પ્રમાણે સર્વેને કિંમતથી આપવામાં આવશે. પોસ્ટેજ જુદું.

મુનિમહારાજાઓને નમ્રવિનંતિ છે કે તેઓશ્રીના સમુદાયના વડિલ કે ગુરૂદ્વારા કોઇપણ શ્રાવકના નામે પુસ્તકો મંગાવવા કૃપા કરવી, જેથી ઉપર જણાવ્યા પ્રમાણે પોસ્ટેજના પૈસાના વી. પી. થી મોકલવામાં આવશે. જ્ઞાનભંડારના કાર્યવાહકોએ પ્રથમ મુજબ મંગાવવા તસ્દી લેવી. મુનિમહારાજાઓ તથા જ્ઞાનભંડારોને ભેટ આપવાના ગ્રંથો પૈકી વધારો રહેશે તો તે ગ્રંથો જ્ઞાનખાતું હોવાથી નીચેની કિંમતે જૈન બંધુને વેચાણ આપવામાં આવશે.

હાલમાં યુરોપમાં ચાલતી લડાઇને લીધે છાપવાના કાગળોની અતિ મોંઘવારી અને છપાવવાનો દર વધી ગએલ છતાં પુસ્તકોની કિંમતમાં બીલકુલ વધારો કરેલ નથી, પરંતુ સાહિત્યનો ફેલાવો વધારે કેમ થાય તે ઉદ્દેશ ધ્યાનમાં રાખી કિંમત ઘણીજ ઓછી રાખવામાં આવેલ છે જે ગ્રંથો જેવાથી માલુમ પડશે.

---

**અમારા માનવંતા લાઇફ મેમ્બરોને** નમ્રવિનંતિ કે ઉપર જણાવેલ તમામ ગ્રંથો મૂળ–સંસ્કૃત અને માગધી હોવાથી અને તેના ખપી જૈન બંધુઓ ભાગ્યેજ હોવાથી તેઓના ઉપયોગમાં તે ગ્રંથો નહિ આવતા હોવાથી તે તે લાઇફ મેમ્બર બંધુઓની વતી પ્રથમ મુજબ આ વખતે મુનિમહારાજાઓ વગેરેને વધારે પ્રમાણમાં ભેટ આપવામાં આવશે, કે જેને લઇને જ્ઞાનદાનના તેઓશ્રી ભાગીદાર થશે. છતાં સંસ્કૃત અને માગધી ભાષાના ખપી–અભ્યાસી કોઇ જૈન બંધુ હોય તેઓશ્રી પત્ર લખી મંગાવશે તો તેમને ભેટ મોકલી આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

404

इहहि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञानेयत्नो विधेयः॥

पुस्तक १९ ] वीर संवत् २४४४, चैत्र आत्म संवत् २२. [ अंक ९ मो.

## सम्यग्दर्शनपद स्तुति.

( શાર્દુલ વિક્રીડિત )

શ્રદ્ધા [1]સંબળથી વિપુષ્ટ [2]કરતું સદ્જ્ઞાન પ્રકટાવતું,
ચારિત્રાદિ ગુણો અનેક ગ્રહીને [3]સંવેગમાં લાવતું;
જે બાળે ભવબીજને સમૂળથી [4]અર્ધાવૃતિ કાળમાં,
તે સમ્યકત્વ થકી મનુષ્ય હૃદયો શાંતિ વહો વિશ્વમાં

F.

---

૧ ઉત્તમ ખોરાક. ૨ આત્મિક સૌંદર્ય વધારતું. ૩ મોક્ષની ઇચ્છાને જાગૃત કરતું. ૪ અર્ધપુદ્દગલ પરાવર્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## *શ્રી શત્રુંજય પર્વતનો પરિચય.

( પ્રાચીન )

જગતના પ્રાયઃ સર્વ પ્રાચીન ધર્મોમાં કોઈને કોઇ સ્થાન વિશેષ પૂજ્ય, પ્રતિષ્ઠિત અને પવીત્ર માનવાના ઉદાહરણો સૌકોઈને દષ્ટિગોચર હોય છે. મૂર્તિપૂજા માનવાવાળા અને તેનો નિષેધ કરવાવાળા, તથા ઇશ્વરવાદી અને અનીશ્વરવાદી સૌકોઇ એ વાતમાં એકજ દેખાય છે. હિન્દુઓ હિમાલયાદિ તીર્થોને, મુસલમાનો મક્કા મદીનાને, ક્રિશ્ચિયન જેરૂસાલેમને અને બૌદ્ધો ગયાજી અથવા બોધીવૃક્ષ વગેરે સ્થાનોને હજારો વર્ષોથી પૂજનીય અને પવીત્ર માનતા આવ્યા છે એ ધર્મના શ્રદ્ધાળુ મનુષ્ય, જીન્દગીમાં એકવાર પોતપોતાના તે તે પવિત્ર સ્થાનમાં જો જવાય તો સ્વજન્ય સફળ થાય એમ માન્યતા ધરાવે છે. જૈનધર્મમાં પણ એવા કેટલાક સ્થળો પૂજનીય, સ્પર્શનીય માનવામાં આવે છે. શત્રુંજય, ગિરનાર, આબૂ, તારંગાજી અને સમેતશિખરાદિસ્થાનોની તેમાં ગણવામાં આવે છે. તેમાં પણ શત્રુંજય નામા પર્વત ( તીર્થ ) સર્વથી અધીક શ્રેષ્ઠ, પવિત્ર, અને સર્વથી અધિક પૂજ્ય ગણવામાં આવે છે. આ પર્વત મુંબઇ ઇલાકાના કાઠીયાવાડ પ્રદેશના ગોહલવાડ પ્રાંતમાં પાલીતાણા નામના એક દેશી રાજધાનીની પાસે છે. તેનું સ્થાન ભૂગોળમાં ૨૧ અંશ ૩૧ કળા, ૧૦ વિકળા ઉત્તર અક્ષાંસ અને ૭૧ અંશ ૫૩ કલા, ૨૦ વિકળા પૂર્વ દેશાન્તર છે. પાલીતાણા શહેરમાં ૧૮૯૧ ની સાલમાં ૧૦૪૪૨ મનુષ્યની વસ્તી હોવાનું જાણવામાં છે, જેમાં ૬૫૮૬ હિન્દુ, ૧૯૫૭ જૈન, ૧૮૭૮ મુસલમાન ૨૦ ક્રિશ્ચિયન અને પારસી હતા. સ. ૧૯૧૧ ની શાલમાં કાંઇક વસ્તી વધારે હોવાનું જાણવામાં છે. આ શહેરમાં રાજ્યના મકાનો સિવાય બાકીના જેટલા જેટલા મોટા મોટા સુંદર મકાનો છે તે સર્વ જૈન સમાજના છે. શહેરમાં ઘણું કરીને શુમારે ચાલીશ યાત્રાળુઓને ઉતરવા માટેની સુંદર ધર્મશાળાઓ છે જેમાં અનેક યાત્રિકો સુખપૂર્વક રહી શકે છે. વિદ્યાલય ગુરૂકુળ, બાલાશ્રમ, પુસ્તકાલય, ઔષધાલય–ઉપાશ્રય અને જિનમંદિરો વગેરે અનેક જૈનસંસ્થાઓ શહેરમાં હોવાથી એક નાનું સ્થાન છતાં રમણીય શહેર દેખાય છે. એક અઠવાડીયું આ શહેરમાં રહેવાથી જૈન સમાજ પોતાના ધાર્મિક કાર્યોમાં કેટલો ધનનો વ્યય કરે છે તેનો જૈનલોકોની ઉદારતાનો સારો ખ્યાલ આવે છે.

* શ્રીમાન મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજના એક હીંદી લેખનો અનુવાદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શહેરથી દોઢ માઇલ દુર પશ્ચિમ દિશાતરફ સુપ્રસિધ પરમપવિત્ર શ્રીશત્રું-જયનામા પર્વત આવેલો છે, જે પર્વતને જૈનશાસ્ત્રકારો સિદ્ધાચળ, વિમળાચળ, પુંડરીકગિરિ આદિ ૨૧ અથવા ૧૦૮ નામોથી ઓળખાવે છે. સમુદ્રની સપાટીથી ૧૯૮૦ ફુટ ઉંચો છે. પર્વત બહુ મોટો અને વિશેષ રમણીય નથી, પરંતુ જૈન-ગ્રંથ માહાત્મ્યમાં સંસારના સર્વ સ્થાનોથી તે અત્યંત અધીક બતાવે છે. સેંકડો જૈનગ્રંથોમાં આ પર્વતની પવિત્રતા અને પૂજ્યતાના ઉલ્લેખ મળે છે પરંતુ શ્રી ધનેશ્વરસૂરિ મહારાજના બનાવેલા શ્રી શત્રુંજય માહાત્મ્ય નામના એક સંસ્કૃત મોટા ગ્રંથમાં આ પર્વતનો મહીમા વિષયક વિદ્યમાન છે. આ ગ્રંથમાં આ પહાડનું ઘણુંજ અલૌકિક વર્ણન આપવામાં આવેલું છે.

હિન્દુ ધર્મમાં સત્યુગ આદિ પ્રવર્તમાનકાળના ચાર વિભાગ માનવામાં આવે છે તેમ જૈનધર્મમાં પણ સુખમા દુઃષમાદિ ૬ વિભાગ માનવામાં આવે છે. એ છ આરાની પ્રમાણે ભારતવર્ષની દરેક વસ્તુઓનો સ્વભાવ, પ્રમાણ આદિમાં પરિવ-ર્તન થયા કરે છે. એ નિયમાનુસાર શત્રુંજય પર્વતનો વિસ્તૃત્વ અને ઉચ્ચત્વમાં પણ પરિવર્તન થયા કરે છે. ઉક્ત ગ્રંથમાં લખેલું છે કે પ્રથમ આરામાં ૮૦ જોજન, બીજા આરામાં ૭૦ યોજન, ત્રીજા આરામાં ૬૦ જોજન, ચોથા આરામાં ૫૦ જોજન, પાંચમા આરામાં બાર જોજન અને છઠ્ઠા આરામાં કેવળ સાત હાથ જેટલો હોય છે. ઈગ્રેજોના પવિત્ર સ્થાન અમોનાની જેમ પ્રલયકાળમાં પણ આ પર્વતનો સ-ર્વથા નાશ નહીં થવાનો ( પ્રાયઃશાશ્વતો ) નો લેખ એ માહાત્મ્ય ગ્રંથમાં જણાવ-વામાં આવેલ છે.

આ પર્વતનો પૌરાણિક પદ્ધતિ પ્રમાણેનો પ્રાચીન ઇતિહાસ આ ગ્રંથમાં વિસ્તારપૂર્વક આપવામાં આવેલ છે. આ કાળના ત્રીજા આરાના અંતમાં જૈનધર્મના ચોવીશ તીર્થંકરમાંના પ્રથમ તીર્થંકર, જૈનમતના પ્રવર્તમાન ભારતીય માનવ સં-સ્કૃતિના કર્ત્તા આદિ પુરૂષ પ્રથમ પ્રવર્તક શ્રી રૂષભદેવ ભગવાન જનમ્યા, જેઓએ પોતાના જીવનના અંતિમકાળમાં સંસારનો ત્યાગ કરી શ્રમણપણું ધારણ કરી અનેક તપશ્ચર્યા કરી કૈવલ્ય જ્ઞાનદર્શન પ્રાપ્ત કર્યું. આ અવસ્થામાં અનેકાઅનેક વખત આ પવિત્ર પર્વત ઉપર પધારી ઇન્દ્રાદિની આગળ આ પર્વતની પૂજ્યતા અને પવિત્રતાનું વર્ણન કરેલું છે. આ મહાત્માના પુત્ર ભરથરાજાએ આ પર્વત ઉ-પર એક બહુજ વિશાળ, મનોહર સુવર્ણમય મંદિર બનાવી તેમાં રત્નમય ભગવાનની મૂર્તિ સ્થાપન કરી હતી. ભગવાન આદિનાથના પ્રથમ ગણધર અને ભરથ મહારા-જના પ્રથમ પુત્ર પુંડરીક નામના મહર્ષિ પાંચ ક્રોડ મુનિઓની સાથે ચૈત્રી પૂર્ણી-માના દિવસે અહીં મોક્ષે પધાર્યા જેથી આજતક હજારો યાત્રિકો એ દિવસે યાત્રા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિમિત્તે આવે છે. તે સિવાય **નમિ વિનમિ** નામના વિદ્યાધરો બેકરોડ મુનિઓ સાથે, દ્રાવિડ અને વારિખિલ્ય નામના બે ભાઈઓ દશક્રોડ મુનિઓ સાથે **ભરતરાજા** તેમજ તેમના ઉત્તરાધિકારી અસંખ્ય નૃપતિઓ, **રામ–ભરતાદિ** ત્રણ કરોડ મુનિ-સાથે, **શ્રીકૃષ્ણ**ના પુત્ર **પ્રદ્યુમ્ન** અને શાંબઆદિ સાડાઆઠ કરોડ મુનિ સાથે, વીસ કરોડ મુનિઓ સાથે **પાંડવભ્રાતા** અને **નારદાદિ** ૯૧ લાખ મુનિ સાથે અને આ સિવાય પણ હજારો ઋષિ, મુનિઓ આ પર્વત ઉપર મોક્ષ પધાર્યા છે. અનાદિકાળ-થી અસંખ્ય તીર્થંકર અને સાધુઓ અહીં મોક્ષે ગયા છે અને જશે. આ ચોવીશીના એક **નેમનાથભગવાન** સિવાય ૨૩ તીર્થંકરો આ ગિરિનો સ્પર્શ કરી ગયા છે. આ કારણથી આ પર્વત–તીર્થ સર્વથી વધારે અધિક પવિત્ર છે. જે મનુષ્ય ભાવ-પૂર્વક એકજવાર આ સિદ્ધક્ષેત્રનો સ્પર્શ કરે છે તે ત્રણ ભવની અંદર અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે છે. આ તીર્થ ઉપર જે પશુ પક્ષી રહે છે તે પણ જન્માંતરમાં પણ મુક્ત થાય છે તેને માટે કહેવામાં આવ્યું છે કે—

मयुरसर्पं सिंहाद्या हिंस्रा अप्यत्र पर्वते ।
सिद्धाः सिध्यन्ति सेत्स्यन्ति प्राणिनो जिनदर्शनात् ॥
बाल्येपि यौवने वार्ध्येतिर्यक्जातौ चयत्कृतम् ।
तत्पापं विलयं याति सिद्धाद्रेः स्पर्शनादपि ॥

મયુર, સર્પ, સિંહ આદિ હિંસક પ્રાણીઓ જે આ પર્વત ઉપર રહે છે તે જિનદેવના દર્શનથી સિદ્ધિને પ્રાપ્ત કરે છે તથા બાળ યૌવન અને વૃદ્ધાવસ્થામાં તથા તિર્યંચ જાતિમાં જે જે પાપ કર્યા હોય તે આ પર્વતના સ્પર્શમાત્રથી નષ્ટ થઈ જાય છે. આવા પ્રકારનું માહાત્મ્ય ઉપર બતાવેલા ગ્રંથમાં જણાવેલું છે.

ભરતરાજાએ આ પર્વત ઉપર જે કાંચનમય મંદિર બનાવ્યા હતા તેનો પુન-રૂદ્ધાર પાછળથી અનેક દેવ અને રાજાઓએ કરેલ છે. પુરાણયુગમાં કરી ગયેલા આવા ૧૨ ઉદ્ધારોના તથા ઐતિહાસિકયુગના ઉદ્ધારોના વર્ણન પણ આ ગ્રંથમાં લખેલ છે. ભરતમહારાજાદિએ જે રત્નમય અને પાછલા ઉદ્ધારમાં જે કાંચનમય-રજતમય જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી તેને અન્ય ઉદ્ધારકો એ ભાવીકાળની નિઃકૃષ્ટતાનો ખ્યાલ કરી આ પર્વતના કોઇ ગુપ્તસ્થાનમાં સ્થાપિત કરી દીધાનો ઉલ્લેખ પણ તે ગ્રંથમાં છે. તેમાં લખવામાં આવ્યું છે કે આજ પણ તે પ્ર-તિમાજીની પૂજા દેવતાઓ કરે છે.

## પુરાણયુગના ૧૨ ઉદ્ધારના નામો.

૧ પ્રથમ તીર્થંકરના સમયમાં ભરતરાજાનો, ૨ ભરતરાજાના આઠમા વંશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દંડવીર્યરાજાનો, ૩ શ્રી સિમંધર પ્રભુના ઉપદેશથી ઈશાનઈંદ્રનો, ૪ માહેંદ્રનામના દેવેન્દ્રનો, ૫ ઇંદ્રનો, ૬ અમરેન્દ્રનો, ૭ બીજા તીર્થંકરના સમયમાં સગર ચક્રવર્તીનો, ૮ વ્યન્તરેંદ્રનો, ૯ આઠમા તીર્થંકરના સમયમાં ચંદ્રયશાનૃપનો, ૧૦ શ્રીશાંતિનાથપ્રભુના પુત્ર ચક્રાયુધનો, ૧૧ શ્રી વીશમા તીર્થંકરના શાસનમાં શ્રી રામચંદ્રજીનો, અને ૧૨ બાવીશમા તીર્થંકર ભગવાનના સમયમાં પાંડવોનો ઉદ્ધાર.

## ઐતિહાસિકયુગના ઉદ્ધારનું વર્ણન.

આ યુગના ઉદ્ધારમાં જાવડશાહનો ઉદ્ધારનું મુખ્યત્વે કરી વર્ણન છે, સર અલેકઝાન્ડર કિન્લોક ફૉર્બસ ( Hon. Alexander Kinloch Forbes ) સાહેબે પોતાના રાસમાલાના ગુજરાતના પ્રસિદ્ધ ઇતિહાસિક ગ્રંથમાં આ ઉદ્ધાર સંબંધે જે જણાવેલ છે તે અત્રે આપવામાં આવે છે.

આ દેશમાં જેનો હાલ સંવત્સર ચાલે છે એવા સુપ્રસિદ્ધ **વિક્રમાદિત્ય**-નૃપતિ જે વખતે આ ભારતભૂમિ ઉપર સર્વને ઋણમુક્ત કરી રહ્યા હતા તે વખતે **ભાવડ** નામનો એક દરિદ્રી શ્રાવક **ભાવલ** નામની પોતાની સ્ત્રી સહિત **કામ્પિલ્ય**-પુર નામના ગામમાં રહેતો હતો. તે વખતે બે જૈન મુનિઓ તેને ઘેર ભિક્ષાર્થે આવ્યાં. તે સ્ત્રીએ નિર્દોષ આહાર ભાવપૂર્વક મુનિઓને આપ્યા. બાદ પોતાની દરિદ્રાવસ્થાના વિષયમાં કંઇ પ્રશ્ન કર્યો. જેથી મુનિએ કહ્યું કે, એક ઉત્તમ જાતિની ઘોડી તમારે ઘેર વેચાવા આવશે તે તમારે લેવી. તેના આવવાથી તમારી દરિદ્રવસ્થા નષ્ટ થશે તેમ કહી મુનિઓ પોતાને સ્થાને ચાલ્યા ગયા. તે વાત તે સ્ત્રીએ પોતાના પતિ ભાવડને કરી. થોડા દિવસ બાદ તેમ બન્યું અને ઘોડી ખરીદી તેની સારી સંભાળ રાખવા માંડી. થોડા વખત પછી તે ઘોડીએ એક ઉત્તમ લક્ષણવાળા ઘોડાને જન્મ આપ્યો. યોગ્ય વયનો થતા તે ઘોડો એક રાજાને ત્રણ લાખ રૂપૈયા લઇને વેચ્યો. તે રકમ આવવાથી **ભાવડે** બીજા ઘણા સારા સારા ઘોડા ખરીદી સારી રીતે તૈયાર કરી રાજા **વિક્રમાદિત્ય** પાસે લઇ ગયો જે લઇ તે રાજાએ તેના બદલામાં **મધુવતી** ( હાલમાં કહેવાતું મહુવા બંદર ) જે કે શત્રુંજયથી દક્ષીણમાં શુમારે ત્રીશ માઇલ દુર છે તે ગામ **ભાવડને** ઇનામમાં આપ્યું, તેવામાં ભાવડને એક પુત્ર થયો જેનું નામ **જાવડ** રાખ્યું. કેટલાક વખત પછી ભાવડ મરી ગયા અને જાવડ પોતાના પીતાની મિલ્કતનો માલીક બન્યો.

એક વખત મ્લેચ્છ લોકોનો ભારે હુમલો સમુદ્ર દ્વારા આવ્યો અને તેઓએ સૌરાષ્ટ્ર, લાટ, કચ્છ વીગેરે દેશોને ખૂબ લુંટી ત્યાંની સંપત્તિ સાથે કેટલાક બાળકો તેમજ સ્ત્રીપુરૂષોને પકડીને તેઓ પોતાના દેશમાં લઇ ગયા, દુર્ભાગ્યે **જાવડ** પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમાં પકડાઇ ગયો. **જાવડ** મહા બુદ્ધિશાળી વેપારી હતો જેથી પોતાની બુદ્ધિથી તે મ્લેચ્છોને પ્રસન્ન કરીને પોતે સ્વતંત્ર રીતે વ્યાપાર કરવા લાગ્યો તેમાં તેને બહુજ દ્રવ્ય પ્રાપ્ત થયું, તે મ્લેચ્છભૂમિમાં પણ પોતાના સ્વદેશભૂમિની જેમ જૈન ધર્મનું પાલન કરવા લાગ્યો અને ત્યાં એક સુંદર જૈન મંદિર બંધાવ્યું. જો કોઇ પોતાના દેશનો મનુષ્ય ત્યાં ચાવી ચડતો તો **જાવડ** તેને સર્વ પ્રકારની સહાયતા આપતો જેથી ત્યાં ઘણો જૈન સમુદાય એકત્ર થઇ ગયો.

એક વખત કોઇ જૈન મુનિ તે નગરમાં જઇ પહોંચ્યા, **જાવડે** હર્ષપૂર્વક તેમનો સત્કાર કર્યો. પ્રસંગવશાત્ તે મુનિમહારાજે શત્રુંજય તિર્થની સ્થિતિ કહી સંભળાવી અને મ્લેચ્છોએ તેને નષ્ટભ્રષ્ટ કરેલ છે જેથી તેનો પુનરોદ્ધાર કરવાની આવશ્યકતા જણાવી. **જાવડે** પોતાને શિર તે કાર્ય ઉઠાવી લઇ એક મહિનાની તપશ્ચર્યા કરી ચક્રેશ્વરી દેવીનું આરાધન કર્યું, જેથી દેવીએ પ્રસન્ન થઇને કહ્યું કે તક્ષશિલા નગરીમાં **જગન્નમલ્લ** નામના રાજાની પાસે જઈ ત્યાં ધર્મચક્રના અગ્રભાગમાં રહેલ જે અર્હદ્બિંબ છે તેને લઇ જઈ શત્રુંજય ઉપર સ્થાપન કર. દેવીના તે કથન અનુસાર **જાવડ** તે નગરીમાં ગયો અને રાજાની આજ્ઞા લઇ ધર્મચક્રમાં રહેલ શ્રી રૂષભદેવ ભગવાનની પ્રતિમાને ત્રણ પ્રદક્ષિણા દઈ સાથે લઇ, મહોત્સવની સાથે તે પ્રતિમાજીને **મધુમતી**માં લાવ્યો, **જાવડે** ઘણા વર્ષો પહેલાં મ્લેચ્છ દેશમાંથી ઘણા વહાણો માલ ભરીને ચીન વગેરે દેશમાં મોકલ્યાં હતાં જે સમુદ્રમાં ફરતાં ફરતાં આ **મધુમતી**ના કીનારે આવી પહોંચ્યાં. તે જહાજ માલ વેચીને તેના બદલામાં સુવર્ણ ભરીને લાવ્યા હતા, જે સાંભળી **જાવડ** ઘણો ખુશી થયો અને તમામ જહાજ ત્યાં ખાલી કરી નાખ્યાં. જૈન સંઘના આચાર્ય શ્રી **વજ્રસ્વામી** તે વખતે મધુમતીમાં પધારેલા હોવાથી તેમના અધ્યક્ષપણા નીચે **જાવડે** ત્યાંથી મોટો સંઘ કાઢી તે પ્રતિમાજીને લઈ શત્રુંજયની પાસે પહોંચ્યા. શ્રી વજ્રસ્વામીની સાથે **જાવડ** સંઘ સહીત ગિરિરાજ ઉપર ચડવા લાગ્યો. અસુરોએ રસ્તામાં કેટલાક ઉપદ્રવ અને વિઘ્ન કર્યાં જેનું નિવારણ શ્રી **વજ્રસ્વામી**એ કર્યું. ઉપર જઇને જોયું તો સર્વ સ્થળે હાડકાં વીગેરે અપવિત્ર પદાર્થો પડ્યા હતા, મંદિર ઉપર બેશુમાર ઘાસ ઉગ્યું હતું, શિખર આદિ પણ તુટી ફુટી ગયાં હતાં. તિર્થની આવી અવસ્થા જોઇ સંઘપતિ અને સંઘ બહુ ખિન્ન થયો.

પ્રથમ **જાવડે** તમામ જગ્યા સાફ કરાવી શત્રુંજયી નદીના પાણીથી સર્વ સ્થળે પ્રક્ષાલન કર્યું. મંદિરનું સમારકામ કરાવી સાથે લાવેલ શ્રી રૂષભદેવસ્વામીની પ્રતિમાની સ્થાપના કરી તે વખતે પણ અસુરોએ કેટલુંક વિઘ્ન નાખ્યું; પરંતુ શ્રી **વજ્રસ્વામી**એ તેનું પોતાના દૈવી સામર્થ્યથી નિવારણ કર્યું. પ્રતિષ્ઠાદિક કાર્યમાં **જાવડે** અગણિત દ્રવ્ય ખરચ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંદિરના શિખર ઉપર ધ્વજા આરોપણ કરવાને માટે **જાવડ** પોતે પોતાની સ્ત્રી સહિત શિખર ઉપર ચઢયો. ધ્વજા આરોપણ કર્યા બાદ સર્વ કાર્ય પૂર્ણ થયું સમજી તેમજ પોતાના હાથથી આ મહાન તિર્થનો ઉદ્ધાર થયો દેખી, દંપતિના હર્ષનો પાર રહ્યો નહિ, તે આનંદના આવેશમાં આવીને ત્યાં નાચવા લાગ્યા જેથી શિખર પરથી નીચે પડી ગયા. મર્મસ્થાન ઉપર આઘાત લાગવાથી તત્કાળ શરીરનો ત્યાગ થવાથી તેમનો ઉન્નત આત્મા સ્વર્ગમાં ગયો. જાવડના પૂત્ર **જાજનાગ** અને સકળ સંઘને આ વિપત્તિથી અતિ દુ:ખ થયું, પરંતુ આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી સર્વ શાંત થયા. **જાવડ**ની આ તિર્થની રક્ષાને માટે અનેક પ્રબંધ કરવાની ઈચ્છા હતી પરંતુ ભવિતવ્યતાની આગળ તે વિફળ ગઇ.

**જાવડશા**ના ઉદ્ધારની મિતિ વિક્રમ સંવત ૧૦૮ ની કહેવામાં આવેલ છે. આ ઉદ્ધારની પછી એક બીજા ઉદ્ધારનો આ મહાત્મ્યમાં ઉલ્લેખ છે. તે સંવત ૪૭૭ માં થયો તેના કર્તા વલ્લભીપુરના રાજા **શિલાદિત્ય** હતા. **જાવડશાના** ઉદ્ધાર પછી સૌરાષ્ટ્ર અને લાટ આદિ દેશોમાં બૌદ્ધ ધર્મનું વિશેષ જોર વધવા લાગ્યું.

બૌદ્ધાચાર્યોએ તે દેશોના રાજાઓને પોતાના અનુયાયી બનાવ્યા અને તેમની દ્વારા જૈન ધર્મના આચાર્યોને દેશનિકાલ કરાવ્યા. જૈનોના જેટલા તિર્થો હતા તેના ઉપર બૌદ્ધાચાર્યોએ પોતાની દખલગીરી અને તેમાં અર્હન્તની મૂર્તિઓની જગ્યાએ બુદ્ધની મૂર્તિઓ સ્થાપીત કરી. શત્રુંજય તિર્થ ઉપર પણ તેવો વર્તાવ કર્યો. થોડા સમય પછી **ચંદ્રગચ્છ**માં શ્રી **ધનેશ્વર** સૂરિ નામના એક તેજસ્વી જૈનાચાર્ય થયા તેમણે વલ્લભીપુરના રાજા શિલાદિત્યને પ્રતિબોધ કરી જૈન બનાવ્યા. તે રાજાએ બૌધ્ધોના અત્યાચારથી રૂષ્ટ થઇને પોતાના દેશમાંથી હાંકી કાઢ્યા તે શ્રી **ધનેશ્વર** સૂરિએ આ શત્રુંજય મહાત્મ્ય બનાવ્યું છે.

આ લેખ મહાત્મ્ય દ્દષ્ટિથી ઉલ્લેખ કર્યોછે. ઐતિહાસિક દ્દષ્ટિથી નહિ. તે આચાર્યશ્રીના ઉપદેશથી શિલાદિત્ય રાજાએ શત્રુંજય તિર્થનો ઉદ્ધાર કર્યો અને શ્રી રૂષભદેવ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી. આ પ્રમાણે ઐતિહાસિક યુગના આ બે ઉદ્ધારોનું વર્ણન આ મહાત્મ્ય ગ્રંથમાંછે. આ મહાત્મ્ય ગ્રંથ શિવાય આ તિર્થની બાબતમાં બે કલ્પમાંથી પણ હકીકત મળી શકે છે જેમાં એક પ્રાકૃતમાં અને બીજી સંસ્કૃતમાં છે. પ્રાકૃત કલ્પના કર્તા તપગચ્છના આચાર્યશ્રી ધર્મઘોષ સૂરિ છે અને સંસ્કૃત કલ્પના કર્તા શ્રીજિનપ્રભ સૂરિ છે. શત્રુંજય મહાત્મ્યમાં તે વાતોનું વિસ્તારથી વર્ણન છે. આ કલ્પમાં તો તે સર્વનું સંક્ષિપ્ત સૂચન માત્ર છે. આ કલ્પમાં એમ પણ લખ્યું છે કે આ તિર્થ—પર્વત ઉપર અનેક પ્રકારના રત્નોની ખાણો, નાના પ્રકારની ચિત્ર-વિચિત્ર જડીબુટીઓ અને રસકુંપીકા છુપાયેલ છે અને ગુપ્ત ગુફાઓમા પૂર્વકાળના ઉદ્ધારની બનાવેલી રત્નમય, સુવર્ણમય જિનપ્રતિમાઓ દેવતાઓથી સદા પૂજીત રહેછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા આવા પ્રભાવક આચાર્યોના કથનથી આ પવિત્ર તિર્થ ઉપર સેંકડો વર્ષથી અનુપમ આસ્થા રહેલ છે અને અનેકાઅનેક વિપત્તિઓ ઉપસ્થિત થયા છતાં આજ તક આ તિર્થનું જેવું ને તેવું ગૌરવ બની રહેલું છે. પરમ આર્હત મહારાજા કુમારપાળના સમયમાં જૈન પ્રજા ભારતવર્ષની પ્રજાગણુમાં સર્વોત્તમ સ્થાન પર વિરાજીત હતી. તે વખતે જેમ આ તિર્થ ઉપર દ્રવ્યનો વ્યય કરતી હતી તેમ આજ પણુ કરી રહેલ છે. મતલબ કે આ દેશ પર અનેક વિપલ્પ અનેક અત્યાચાર અનેક કષ્ટો આવી ગયા છતાં અને કેટલીક વાર મ્લેચ્છો દ્વારા મંદિર અને મૂર્તીઓ નષ્ટભ્રષ્ટ થઇ ગયા છતાં પણુ આ તિર્થ જેવું ને તેવું તૈયાર રહેલ છે તેનું કારણુ કેવળ જૈન પ્રજાની હૃદયપૂર્વક ભક્તિ છે.

જૈનોએ આ તિર્થ ઉપર જેટલું દ્રવ્ય ખરચ્યું તેટલું ભાગ્યેજ કોઇ તિર્થ ઉપર કોઇ પ્રજાએ ખર્ચ કર્યો હોય. ફારબસ સાહેબે રાસમાળામાં યથાર્થ લખ્યું છે કે–હિંદુસ્થાનમાં ચારે તરફ–સિંધુનદીથી લઇને ગંગાનદી સુધી અને હિમાલયથી કન્યાકુમારી સુધીમાં એકપણુ નગર એવું નથી કે જ્યાં એક અથવા બીજીવાર શત્રુંજય પર્વતનાં શિખરને શોભીત કરવાવાળા મંદિરોને દ્રવ્યની વિપુલ ભેટ ન આવી હોય. રાશમાળા–પુ. ૧ લું. પાનું ૬ ઠું.—

આ તિર્થ ઉપર પુજ્યબુદ્ધિ રાખવાવાળી જૈન સમાજમાં એવો ભાગ્યેજ કોઈ મનુષ્ય મળશે કે પોતાના જીવનમાં એકવાર પણુ આ તિર્થની યાત્રા ન કરી ગયો હોય અથવા ન કરવા ચાહતો હોય !

હિંદુસ્થાનમાં રેલ્વેનો પ્રચાર થયા પહેલાં યાત્રીઓને દુરદેશની મુસાફરી કરવી એટલી સ્હેલી નહતી. કે જેટલી આજ છે અને તે વખતે રસ્તામાં અનેક જાતની મુશ્કેલીઓ ( જાન–માલની લૂંટાવાની બીક, રાજકીય વિપતિ વીગેરે ) ભોગવવી પડતી હતી છતાં દરવર્ષ લાખો મનુષ્યો આ તિર્થની યાત્રા કરવા અવશ્ય આવજા કરતા હતા. વર્તમાન સમયની જેમ છુટે છુટે મનુષ્યોને આવવાનું ઘણુંજ કઠણુ અને કષ્ટજન્ય હતું તેથી તે જમાનામાં હજારો મનુષ્યોનો સમુદાય એકત્ર થઇ બની શકે તેટલો સર્વ પ્રકારનો બંદોબસ્ત કરીને જતા હતા એવા પ્રકારના યાત્રાળુઓના સમુદાયને સંઘ નામથી વહેવાર કરવામાં આવતો હતો. વૈભવશાળી અને પૈસાપાત્ર શ્રાવક હોય તે પોતાના જીવનમાં પોતાની સંપતિ અનુસાર ધનનો ખર્ચ કરી પોતાની તરફથી એકવાર બેવાર કે તેથી પણુ અધિક વખત સંઘ કાઢતા હતા. અને સાધારણુ સ્થિતિવાવાળા હજારો મનુષ્યો આ ગિરિરાજની યાત્રા કરતા હતા.

વસ્તુપાળ તેજપાળ જેવા મહર્ધી પુરૂષોએ લાખો અને કરોડો રૂપીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરચીને અનેકવાર સંઘ કાઢયા છે એ વાત તો પુરાણા દાનવીરોની છે, પરંતુ ગયા ૧૯ મી સદીના અંતમાં અને વીશમી સદીના પ્રારંભમાં કેટલાક ભાગ્યશાળીઓએ સંઘ કાઢી લાખો રૂપીયાનો વ્યય કર્યો છે–દાખલા તરીકે–સંવત. ૧૮૯૫ જેસલમેરના પટવાએ જે સંઘ કાઢયો હતો તેમાં ૧૩૦૦૦૦૦ તેરલાખ રૂા. ખર્ચ કર્યો હતો. આ સંઘનું સંપૂર્ણ વૃતાંત જાણવા માટે અમારા તરફથી પટવાના સંઘનો ઇતિહાસ નામનું પુસ્તક છપાય છે, અમદાવાદના હરકોર શેઠાણીએ સંઘ કાઢયો હતો જેમાં પણ, અમુક લાખ રૂપીયાનો ખર્ચ થયેલો સાંભળવામાં આવે છે.

શત્રુંજય મહાત્મ્યમાં સંઘ કાઢી આ ગિરિરાજની યાત્રા કરવા કરાવવામાં મોટું પુણ્ય ઉત્પન્ન થાય છે તેમ લખ્યું છે અને જે સંઘપતિનું પદ પ્રાપ્ત કરે છે તેનો જન્મ સફળ થયો માનવામાં આવે છે. સંઘપતિપદની ઘણીજ પ્રશંસા કરવામાં આવેલી છે.

एन्द्रं पदं चाक्रिपदं श्लाघ्यं, श्लाघ्यतरं पुनः ।
संघाधिप पदं ताभ्यां न विना सुकृतार्जनात् ॥

અર્થ—ઇંદ્ર ચક્રવર્તીનું પદ તો જગતમાં શ્રેષ્ટ છે પરંતુ સંઘપતિનું પદ તે બંન્નેથી વધારે ઉચ્ચ છે કે જે વિના સુખની પ્રાપ્તિ થતી નથી. તે શ્રેષ્ઠતાના કારણે જેની પાસે પૂર્વ પુણ્યના ઉદયથી યથેષ્ટ સંપત્તિ છે તે આ પદ પ્રાપ્ત કરવાની અભિલાષા રાખે તે સ્વભાવિક છે.

ખરેખરી રીતે જે મનુષ્ય શાસ્રોક્ત રીતીથી ભાવપૂર્વક સંઘ કાઢે છે તે અવશ્ય મહત્ત પુણ્ય ઉપાર્જન કરે છે. સાચા સંઘપતિ કેવળ ઉદારતાના કારણથી બનતા નથી, પરંતુ ન્યાય, નીતિ, દયા અને ઇંદ્રિયદમન આદિ બીજા અનેકાનેક ઉત્તમ ગુણના ધારણ કરવાના કારણથી બને છે. ભૂતકાળમાં **મંત્રિ બાહડ, વસ્તુપાળ, તેજપાળ, જગડુશા, પેથડશા, સમરાશા** આદિ અસંખ્ય શ્રાવકોએ તેવા સંઘ કાઢી અગણિત સુકૃત ઉપાર્જન કર્યું છે. આવી રીતે શત્રુંજય પર્વતનો પ્રાચીન પરિચય કરાવ્યા પછી અમારા વાચકોને વર્તમાન સમયમાં જે વિદ્યમાન છે તેનું જાણપણું હવે પછીના અંકમાં કરાવવામાં આવશે. (અપૂર્ણ)

અનુવાદક,

ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# લોકપ્રિય થવાની કળા.

## ( ૨ )

( ગતાંક પૃષ્ટ ૧૯૦ થી ચાલુ. )

લે૦ શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ. ભાવનગર.

જેઓ આપણાં દુર્ગુણો અને દૂષણો જોવાને બદલે આપણાં સદ્દગુણો અને આપણામાં જે સારૂં હોય તે જુએ છે તેવા લોકોની સાથે સમાગમાં આવી સંબંધમાં જોડાવાની તક દ્રવ્ય પ્રાપ્ત કરવાની તક કરતાં ઘણે દરજ્જે કિંમતી છે. ઉમદા અને ઉત્તમ ગુણોને ખીલવવાની આપણી શક્તિ તેનાથી દિનપ્રતિદિન વૃદ્ધિગત થાય છે. જે લોકો હમેશાં બીજાની અવગણના કરતા હોય છે, જેઓ બીજાના વર્તનમાં દોષો જોયા કરતા હોય છે અથવા જેઓ ધુર્તતાથી એમ સૂચન કરતા જણાય છે કે તેઓએ જેવા બનવું જોઈએ તેવા તે બન્યા નથી એવા લોકોથી નિરંતર સાવધ રહો. આવા લોકોનો સહવાસ ભયંકર છે. આવા લોકો અવિશ્વસનીય છે. અન્ય માણસોની અવગણના કરનારૂં મન હમેશાં સંકુચિત અને અસ્વસ્થ હોય છે. આવું મન બીજામાં કશું સારૂં જોઇ શકતું નથી; તેમજ સારાની ગણના કરી શકતું નથી તેથી આવા પ્રકારનું મન દ્વેષી અને ઇર્ષ્યાળુ ગણાય છે. કોઇપણ સદ્દગુણને માટે અથવા કોઈ શુભ કાર્ય માટે બીજાનું સારૂં બોલાતું હોય અથવા બીજાની પ્રસંશા થતી હોય તો તે આ પ્રકારના મનને અસહ્ય અને દુઃખદ થઇ પડે છે. બીજા માણસમાં કંઇક સારૂં છે એ વાતની તેનાથી ના પાડી શકાય એવું ન હોય ત્યારે પણ ‘જો’ અથવા ‘પણ’ શબ્દોથી તે તેની અવગણના કર્યા વગર રહેશે નહિ. અને પ્રશંસાપાત્ર બનેલા મનુષ્યના વર્તનપર શંકાશીલ દ્રષ્ટિથી જોવા બીજી રીતે યત્ન કરશે.

વિશાલ અને સ્વસ્થ ચિત્ત બીજાના દોષો અને દૂષણો કરતાં ગુણો વધારે ત્વરાથી નિહાળી શકે છે; પરંતુ સંકુચિત અને નિરંતર અવગણના કરનારૂં ચિત્ત તો હમેશાં અન્યના દોષોજ જોઇ શકે છે. જે કંઈ સ્વચ્છ છે, સુંદર છે, સત્ય છે, સુઘડ છે, ઉદાત્ત છે તે તેના દ્રષ્ટિબિંદુની બહારજ રહે છે. તેને નષ્ટ કરવામાં અથવા તોડી પાડવામાંજ એવા ચિત્તને આનંદ અને મઝા આવે છે. પણ તે બંધારણ કરવાની શક્તિ લેશમાત્ર પણ ધરાવતું નથી. જ્યારે જ્યારે તમે કોઇ માણસને બીજાની અવગણના અને નિંદા કરતા સાંભળો ત્યારે ત્યારે જો તમે તેનો ઉક્ત દોષ સુધારી શકો એમ ન હો તો તમારા મિત્રમંડળમાંથી તેને દૂર કરો. તમે એમ ન ધારતા કે જેઓ તમારા સમક્ષ બીજાના દોષો ગણાવે છે અને જેઓ તમારા સમક્ષ અન્યની ટીકા કરી તેને હાંસીપાત્ર બનાવે છે તેઓ અનુકુળ પ્રસંગ આવશે ત્યારે તમારા વિષયકવાતમાં પણ એજ રીતે વર્તશે નહિ. આવા લોકો સાચા મિત્રો થ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાને લાયક નથી. કેમકે સાચી મૈત્રી વિઘ્નભૂત થવાને બદલે હુમેશા સહાયભૂત બને છે, ખરેખરા મિત્રો કદાપિ પોતાના મિત્રના અવગુણો બીજા પાસે પ્રકટ કરતા નથી અને પોતાના મિત્રની બીજાના મુખે થતી નિંદા પણ સહન કરી શકતા નથી.

પુરૂષ અથવા સ્ત્રીને પરમાત્માની દોષ રહિત પ્રતિમૂર્તિ તરીકે જોવાની શક્તિ પ્રાપ્ત થવી એ કેળવણી અથવા માનસિક વિકાસનું સૌથી સુંદર ફળ છે. પ્રેમાળ અને ઉદાર આત્માજ વિકાસની આટલી હદે પહોંચી વિકાસનું આ ફળ પ્રાપ્ત કરી શકે છે. ઉદાત્ત સ્વભાવના અને માયાળુ અને વિશાળ ચિત્તવાળા સ્ત્રીપુરૂષો બીજાના દોષો તરફ દુર્લક્ષ રહે છે, અને તેઓ ઉચ્ચગુણોને ઉચ્ચતર બનાવવાને સદૈવ તત્પર રહે છે. આપણે સર્વ જાણ્યે અજાણ્યે પણ સર્વદા બીજાના વિષે આપણા હૃદયમાં જે વિચારો બંધાયલા હોય છે તેનાથી તેઓનું ચારિત્ર્ય ઘડીએ છીએ. તમારા મિત્રોના અને તમે જેના સંપર્કમાં આવો છો તે સર્વના જે ગુણો તમારા દ્રષ્ટિપથમાં આવે છે તેને તમે વિસ્તારવા સ્વભાવત: પ્રવૃત્ત બનો છો. જો તમે લોકોના વર્તનની અધમ અને તિરસ્કારજન્ય બાજુ જોશો તો તેઓના દોષો તમારી દ્રષ્ટિએ પડયા વગર રહેશે નહિ; પણ જો તમે તેઓની સારી બાજુ જોશો તો તેઓના ઉચ્ચ, ઉદાર અને મહાન ગુણોજ તમારા જોવામાં આવશે, જેનાથી તેઓને માટે તમારા હૃદયમાં માન અને પ્રેમની લાગણી આવિર્ભૂત થશે અને તેને પરિણામે તમે આ ગુણોનો વિકાસ કરવામાં સદા સહાયભૂત થશો. અને હલકા અયોગ્ય ગુણોને હાંકી કાઢશો. જગત્માં સર્વત્ર શક્તિનો આ પરોક્ષ વિનિમય પોતાનું કાર્ય કરે છે અને તેના અંતર્ગત સ્વભાવ પ્રમાણે અંતરાયભૂત અથવા સહાયભૂત બને છે.

પોતે અમુક દરજ્જે વિલક્ષણ છે એમ ધારવામાં ઘણા લોકો એક પ્રકારની ભૂલ કરે છે. આ લોકો ધારે છે કે તેઓને માતપિતા તરફથી કેટલીક વિલક્ષણતાઓ અને પ્રવૃત્તિઓ વારસામાં મળી છે. અને પોતામાં તેનું પુનર્દર્શન થાય એમ હુમેશા તેઓ ઇચ્છતા હોય છે. વસ્તુઓનું પુનર્દર્શન સાધવાની આજ રીતિ છે; કેમકે આપણે જે વસ્તુઓને આપણા મનમાં હુમેશાં ઉત્તેજન આપીએ છીયે અથવા જે વસ્તુઓનો આગ્રહપૂર્વક વિચાર કર્યા કરીએ છીએ તે વસ્તુઓ આપણા તરફ ત્વરાથી આકર્ષાય છે. આ ન્યાયે આવા લોકો અશુભ–અધમ વસ્તુઓની પ્રાપ્તિ માટે અવિચ્છિન્ન શ્રમ કરતા હોવાથી અને તેની દુષ્ટ અસરનું પોતામાં આરોપણ કરતા હોવાથી તેની અધમતામાં ઉમેરો કરે છે. ખરેખરી વા કાલ્પનિક વિલક્ષણતાઓના સંબંધમાં તેઓ શિઘ્રગ્રાહી બને છે. તેઓને તે વિલક્ષણતાઓ વિષે બોલવું અથવા સાંભળવું જરા પણ રૂચિકર નથી હોતું છતાં તેઓ તે વિલક્ષણતાઓ ધરાવે છે એવી તેઓની દ્દઢ માન્યતા હોવાથી તેઓની આત્મશ્રદ્ધા લુપ્ત થાય છે અને તેની પ્રાપ્તિ અસંભવિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને છે. આમાંની ઘણી ખરી વિલક્ષણતાઓ સામાન્ય રીતે કેવળ કાલ્પનિક હોય છે, અથવા કલ્પનાશક્તિથી સંવર્ધિત કરવામાં આવે છે. પરંતુ તેઓનું એટલા બધા લાંબા સમય સુધી પોષણ કરવામાં આવ્યું હોય છે અને તેઓના પર એટલા બધા લાંબા કાળ સુધી વિચારો કરવામાં આવ્યા હોય છે કે તેઓ ખરેખરી હોય એમ તેઓને ભાસે છે. આનો ઉપાય આથી તદ્દન વિરૂદ્ધ વર્તવામાં એટલે કે પૂર્ણ ગુણોને સ્વીકારવામાં અને કોઇ પણ સ્ખલનાને વિસારવામાં રહેલો છે. જો તમે ધારતા હો કે તમારા પોતામાં વિલક્ષણતા છે તો યથાક્રમ સ્વાભાવિક વિચાર કરવાની ટેવ પાડો. હમેશાં એમજ કહો અને એમજ વિચાર કરો કે " **મારામાં કશી વિલક્ષણતા નથી. જે વિલક્ષણતાઓ મારી પ્રગતિને અટકાવે છે તે કાલ્પનિકજ છે. હું પૂર્ણતાની પ્રતિમૂર્તિ છું અને તેથી મારા માનવા પ્રમાણે મારામાં જે અપૂર્ણતાઓ–સ્ખલનાઓ છે તે ખરેખરી હોઇ શકેજ નહિ. કેમકે મારા અસ્તિત્વનું સત્ય ખરેખરૂ છે. જો મારા વિચારમાં વિષમ ભાવનાઓની ઉત્પત્તિ ન હોય તો મારી આસપાસ તેઓ હોઇ શકેજ નહિ.** " જો તમે આગ્રહપૂર્વક અને ઉલ્લાસપૂર્વક મનની અંદર નિરંતર આ પ્રમાણે મનન કરશો તો જે તમને વિષમ ભાસે છે તે તમે વિસરી જશો. તે સત્વર અદૃશ્ય થશે અને તમારામાં અને બીજા લોકોમાં ઘણો ભેદ નથી એમ ખાતરી થવાથી તમને ખોયેલી આત્મશ્રદ્ધાની પુનઃ પ્રાપ્તિ થશે.

કેટલીક વખત શરમાળપણું એક વ્યાધિ સમાન થઇ પડે છે. પરંતુ તે કલ્પના-સૃષ્ટિમાંથી ઉદ્ભૂત થાય છે. તેથી મનમાંથી તેનો વિચાર કાઢી નાંખી તે વ્યાધિને સુગમતાથી વશ કરી શકાય છે. "શરમાળપણા તરફ કોઇનું લક્ષ પણ નથી. લોકો એટલા બધા સ્વાર્થપરાયણ છે કે પોતાના હેતુઓ સાધવામાં અત્યંત પ્રવૃત્તિશીલ રહે છે. જેથી તેઓને શરમાળપણા તરફ જોવાનો અવકાશ નથી " આવા પ્રકારના વિરોધી વિચારને મનમાં સ્થાન આપવાથી શરમાળપણાના વ્યાધિનો પરાજય કરી શકાય છે.

એક યુવાન પુરૂષ પોતાની સાદી આકૃતિ અને અપ્રિય રીતભાત પર નિરંતર વિચાર કર્યા કરવાથી એટલો બધો નિરાશ અને અસ્વસ્થ થઇ ગયો હતો કે તે ઉન્મત્ત થઇ જવાની અણી પર હતો. કોઇ સંમેલનમાં અથવા સભામાં પોતાના વધારે આકર્ષક મિત્રો અથવા સંબંધીઓને આમંત્રણ કરવામાં આવતું અને પોતાનો તેમાંથી બહિષ્કાર કરવામાં આવતો ત્યારે તેને ઘણું લાગી આવતું અને દિવસોના દિવસો સુધી કાલ્પનિક દૃશ્ય દૃષ્ટિ સમીપ ખડું કરી તેના પર અનેક તરેહના તર્કવિતર્કો કરવામાં ગુંથાતો. આ પ્રમાણે ઘણો સમય વીત્યા પછી છેવટે મિત્રપદને શોભાવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એવો એક ખરેખરો સુહૃદ તેની મદદે આવ્યો. અને તેને કહ્યું કે "જે શારીરિક આફતો અને સૌંદર્યના અભાવને લઈને તું શોચ કરે છે તેના કરતાં વિશેષ લોકપ્રિય બનાવે અને વિશેષ ચિત્તાકર્ષક બનાવે એવા ગુણોને કેળવવાનું તારે માટે સર્વથા શકય છે." આ માયાળુમિત્રની સાહાય્યથી તેણે આત્મ-નિરીક્ષણ અથવા આત્મ તુલના કરવાની રીતિ સંપૂર્ણતઃ ફેરવી નાંખી. માત્ર શારીરિક સૌંદર્ય પર વિશેષ ભાર મુકવાને બદલે અને પોતાની જાતને વિરૂપ અને અપ્રિય માનવાને બદલે તે હમેશાં એમજ ધારવા લાગ્યો કે "હું પૂર્ણતાની પ્રતિમા છું. મારામાં અમુક પ્રકારનો દૈવી અંશ રહેલો છે." અને આ દૈવી અંશને બહાર પ્રદર્શિત કરવાનો તેણે દૃઢ સંકલ્પ કર્યો. પોતે અપ્રિય છે અથવા પોતે ખરેખરી રીતે વિરૂપ છે એવા પ્રત્યેક વિચારને તિલાંજલી આપવા લાગ્યો અને પોતાની લોકપ્રિયતાની અને આકર્ષણશક્તિની મૂર્ત્તિને સંપૂર્ણ ઉત્સાહ અને ઉલ્લાસથી હૃદયમાં સ્થાપિત કરી અને પોતે પોતાની જાતને આકર્ષક, આહ્લાદક અને ચિત્તરંજક સમર્થ થશેજ એ વિચાર તેના મનમાં હમેશાં રમી રહેવા લાગ્યો. આકર્ષક અથવા લોકપ્રિય થવાનું કાર્ય પોતાને માટે અશકય છે એવા કોઇ પણ વિચારને પોષણ આપવાનું તેણે ત્યજી દીધું. જે રીતે શકય હોય તે દરેક રીતે તેણે માનસિક સુધારણાનું કાર્ય શરૂ કરી દીધું. તેણે સર્વોત્તમ ગ્રંથકારોના પુસ્તકો વાંચવાનો અભ્યાસ પાડ્યો. અધ્યયનના વિવિધ માર્ગોનું ગ્રહણ કર્યું અને નિશ્ચય કર્યો કે "હું દરેક પ્રસંગે મારી જાતને આનંદપ્રદ બનાવીશ."

અત્યાર સુધી તે પોશાક પહેરવામાં તેમજ રીતભાત જાળવવામાં તદ્દન બેદરકાર રહ્યો હતો. કેમકે તેને એમ ચોકસ ઠસી ગયું હતું કે હું કદી લોકપ્રિય થવાનો નથી. તેથી મારે સુઘડ અને આકર્ષક પોશાક પહેરવાની કે સારી રીતભાત રાખવાની કશી આવશ્યકતા નથી. પણ હવે પોતાને છાજે એવો અને શોભે એવો પોશાક પહેરવાની ખાસ સંભાળ રાખવા કદી ચુકતો નથી.

આ સર્વનું પરિણામ એ આવ્યું કે પહેલાંની માફક અતડો રહેવાને બદલે તેને જયાં જયાં જવાનું બની આવતું ત્યાં ત્યાં પોતાની આસપાસ માણુસોના નાના નાના સમૂહને આકર્ષવા લાગ્યો. અને તેની વાત કરવાની પદ્ધતિથી સૌ કોઇના મન રંજન થવા લાગ્યા. અને અલ્પ સમયમાં પોતાની જાતને હરેક રીતે એટલી બધી આકર્ષક બનાવી દીધી કે જે આકર્ષક પુરૂષોને તે ઇર્ષ્યાયુક્ત દૃષ્ટિથી જોતો તે સહુની માફક તેને સર્વત્ર આમંત્રણ કરવામાં આવતું. આ પ્રમાણે ઘણુંજ ટૂંક સમયમાં પોતાને અંતરાયભૂત થનારી વસ્તુઓ પર તેણે સંપૂર્ણ જીત મેળવી એટલુંજ નહિ પણ પોતાના સમૂહમાં તે સૌથી આકર્ષક અને મનોરંજક બની ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનું કાર્ય સ્હેલું અને સુગમ નહોતું. પરંતુ જે વસ્તુઓએ તેની નૈસર્ગિક શક્તિને દાબી દીધી હતી તેનો પરાજય કરવામાં જરૂરની અચળ શ્રદ્ધા, પૂર્ણ ધૈર્ય અને અડગ નિશ્ચયથી તે પોતાનું કાર્ય સાધી શકયો હતો. અને જે વસ્તુઓને તે નાશકારક, વિઘ્ન અને શાપ સમાન ગણતો હતો તેનો પરાજય કરવાના તેના નિશ્ચયાત્મક પ્રયાસથી જે શારીરિક સૌંદર્યનો તેનામાં અભાવ હતો તેના કરતાં અનેક ગણાં કિંમતી ગુણો કેળવવાને તે શક્તિવાન થયો હતો.

જે વસ્તુ મેળવવાની આપણને અતીવ તિવ્ર અભિલાષા હોય છે અથવા આપણે જેવા પ્રકારના થવા ઇચ્છીએ છીએ તેની પ્રતિમાનું મનની અંદર આગ્રહ પૂર્વક સ્થાપન કરવાથી અને તેની પ્રાપ્તિ અર્થે સખ્ત પ્રયત્ન કરવાથી આપણે જે પરિવર્તન કરી શકીએ છીએ તે આશ્ચર્યમાં ગરકાવ કરી નાંખે તેવું છે. આપણે જે પ્રાપ્ત કરવાને ઉત્કંઠિત છીએ તેને આપણા તરફ આકર્ષવાની અને જે દશ્ય અથવા ચિત્ર આપણે કલ્પના સૃષ્ટિમાં રચીએ છીએ તેને ખરેખરૂં બનાવવાની આમાં અદ્ભૂત અને અજબ શકિત રહેલી છે.

લોકપ્રિયતા અથવા સામાજીક વિજય પ્રાપ્ત કરવામાં વાણી મહાન અગત્યનો પાઠ ભજવે છે. માણસ કેટલે દરજ્જે કેળવાયલો છે અને સંસ્કૃતિ પામેલો છે તે તેની વાણી ઉપરથી કલ્પી શકાય છે. કેમકે **यदा यदा मुञ्चति वाक्यबाणं तदा तदा जातिकुल प्रमाणम् ।**

એક વિદ્વાન કહે છે કે " ભિન્નભિન્ન પ્રકારના વર્તનવાળા મનુષ્યોના સમૂહની સાથે મને એક અંધારા ઓરડામાં રાખો. અને તે સૌ કેવા કેવા પ્રકારના વર્તનવાળા છે તે તેમની વાણી અથવા બોલવાના અવાજ અને રીતિ પરથી તમને કહીશ " એમ કહેવાય છે કે પ્રાચીન સમયમાં ઇજીપ્ટના ન્યાયમંદિરોમાં પણ સર્વ વ્યવહાર લિખિત પત્રોથીજ ચાલતો હતો. એવી ભીતિથી કે કદાચ ન્યાયાસન પર આરૂઢ થયેલા ન્યાયાધીશો બોલનારની વાક્શક્તિને અધીન થઈ જાય. અંતિમ નિર્ણય જાહેર કરતી વખતે ન્યાયાસનારૂઢ ન્યાયાધીશો સત્યદેવીની મૂર્તિને પોતાની પાસે રાખીને તદ્દન મૌનભાવ ધારણ કરીને અપરાધિઓને શિક્ષા કરતા. માનુષી વાણીની ચમત્કારિક શકિતનો વિચાર કરતાં શું એમ નથી લાગતું કે આપણાં બાળકોની વાકશકિત ખીલવવાને અને સુંદર બનાવવાને ગૃહોમાં કે શાળાઓમાં યત્ન કરવામાં નથી આવતો તે ખેદ અને શરમ ઉપજાવે એવો વિષય છે ? ઉધરતા બુદ્ધિશાળી બાળકો ઉચ્ચ પ્રકારની કેળવણી ગ્રહણ કરતા હોય અને છતાં તેઓની વાણી કઠોર, કર્કશ અને કિલષ્ટ હોય તે શું શોચનીય નથી ? જે કઠોર અને કર્કશ વાણી તેઓના જીવનની પ્રવૃત્તિ અને પ્રગતિમાં પ્રતિપળે કંટકરૂપ નીવડે છે. જ્યાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં જીંદગીનો સદુપયોગ કેવી રીતે કરવો તે વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે, તેઓને દરેક ભાષાનું, ગણિતશાસ્ત્રનું, વિજ્ઞાનનું, કળા અને સાહિત્યનું જ્ઞાન આપવામાં આવે છે એવી શાળાઓમાંથી અને વિશ્વવિદ્યાલયોમાંથી અનેક સ્ત્રી પુરૂષો બી. એ. એમ. એ. આદિ જુદી જુદી ઉપાધિઓથી અલંકૃત થઇ બહાર આવે છે છતાં પણ તેઓની વાણી કઠોર, નિરસ અને શુષ્ક હોય છે. ઘણી બુદ્ધિશાળી યુવતીઓ અને ઘણા બુદ્ધિશાળી યુવકો કે જેઓ મહાન માનવંતી ઉપાધિઓથી વિભૂષિત થયેલા હોય છે તેઓની વાણી એવી વિષમ અને કર્કશ હોય છે કે સચેતન, કોમળ અને ક્ષિપ્રગ્રાહી મજ્જા તંતુવાળો માણસ તેઓની સાથે ભાગ્યેજ વધારે લાંબા વખત સુધી વાતચીત ચલાવી શકે. બીજી બાજુએ જો આ સર્વની સાથે તેઓની વાણીની યોગ્ય ખીલવણી થયેલી હોય છે તો તેના સમાન અન્ય કોઈ વસ્તુ મોહક અને આનંદજનક જણાતી નથી.

જેની વાણી દિવ્ય વાજીંત્રમાંથી નિકળતા સ્વર જેવી હોય છે, જેની વાણી સુસ્પષ્ટ શબ્દોથી યુકત હોય છે, જેની વાણીનો પ્રવાહ નિર્મળ ઝરણાંની માફક વહે છે એવા પુરૂષની જોડે ક્ષણમાત્ર વાર્તાલાપ કરવાથી નિઃસીમ આનંદનો અનુભવ થાય છે. એક વ્યકિતની વાણીમાં એવી મિષ્ટતા અને મોહિની છે કે તે જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં તે જ્યારે જ્યારે કંઇ બોલે છે ત્યારે ત્યારે પ્રત્યેક માણસ તેને અતિશય આનંદથી લક્ષપૂર્વક સાંભળે છે. તેની વાણી એવી મધુર અને રસાર્દ્ર છે કે તે સર્વને ચકિત અને મુગ્ધ કરી મુકે છે, તેની બાહ્યાકૃતિ સાદી છે–કંઇક વિરૂપ છે. પરંતુ તેની વાણીનો પ્રભાવ અલૌકિક છે, તેની વાણીની મોહિની અનિવાર્ય છે. આવી તેની વાણી ઉત્તમ રીતે વિકાસ પામેલા મનની અને મોહક ચારિત્ર્યની સૂચક છે.

સમાજમાં ઘણા સ્ત્રી પુરૂષોની વાણી એટલી બધી કઠોર અને કિલષ્ટ હોય છે અને મગજતંતુ અને ગ્રહણશકિતપર એવી ભયંકર અસર ઉત્પન્ન કરે છે કે આપણને વારંવાર તેવા સ્ત્રીપુરૂષો પાસેથી પલાયન કરી જવાની જરૂર પડે છે. જે વાણી કેળવણી અને સંસ્કૃતિની વ્યંજક છે, જેમાંથી સંપૂર્ણતઃ સ્પષ્ટ શબ્દો વહે છે, જેમાં સાંભળનારને મુગ્ધ કરી નાંખે એવું માધુર્ય રહેલું છે, જેમાં જાદુ ચમત્કૃતિ છે એવી નિર્મળ, મંદ, અને કેળવાયેલ વાણીની પ્રાપ્તિ ખરેખર, લોકોત્તર છે. આવી વાણી ગણ્યાગાંઠયા પુરૂષોમાંજ દૃષ્ટિગત થાય છે.

પ્રિય વાંચક ! લોકપ્રિય થવામાં અથવા સામાજીક વિજય પ્રાપ્ત કરવામાં મધુર અને શ્રોતાજનોને મુગ્ધ કરી નાંખે એવી વાણી અત્યંત અગત્યનો પાઠ ભજવતી હોવાથી એવા પ્રકારની વાણી કેળવવાનો પ્રયત્ન આદરો. જેથી સમય જતાં તમે પરિચિત તેમજ અપરિચિત મનુષ્યોને તમારા પ્રતિ આકર્ષી શકશો, સર્વ તમારે આધીન થશે. અને તમે લોકપ્રીતિ સંપાદન કરશો એમાં લેશ પણ સંદેહ જેવું નથી. इतिशम् ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિવેકબુદ્ધિનો વિનિપાત.

આપણા જીવનના નિર્વાહનો ગતિક્રમ એવો ઝડપવાળો થયો છે, દરેક જાતની હરીફાઈ એટલીબધી વધી ગઈ છે, અને જીવન એવું તીવ્ર થયું છે, થાક એટલો બધો લાગે છે, જ્ઞાનતંતુઓને એટલોબધો શ્રમ પડે છે, કે પરિણામે જીવનનું સમતોલપણું ખસી ગયું છે. જેમ આપણું શરીર અમુક વર્ષ પછી વૃદ્ધિ પામતું નથી, તેમ આપણું મન પણ નવા વિચાર કે સંસ્કાર ગ્રહણ કરવાને અશકત બને છે; દરેક મનુષ્યને અમુક દૃષ્ટિબિંદુથી વિચાર કરવાની જે ટેવ પડી ગઈ હોય છે તેજ વિચાર પ્રમાણે તે જુદી જુદી ભાવનાનું અવલોકન કરે છે.

આ અવલોકનમાં વિવેકબુદ્ધિ પૂર્વ સંયોગોથી પ્રાપ્ત થઇ હોય તો ટેવ કે પરંપરાને લીધે જે જડતા આવે છે તેનું બળ વધી શકતું નથી. કેમકે બુદ્ધિની જાગૃતિ હોવાથી તે મનુષ્યો પોતાના લક્ષ્યબિંદુઓને ચુકી શકતા નથી. કર્મની ક્રિયા ( Theory of action ) એવી તો ગૂઢ છે કે તે જાણવાને માટે મનુષ્યને અથાક મહેનત, ખંત અને સુક્ષ્મ બુદ્ધિની જરૂર છે. જ્યારે તેની કોઈ ક્રિયાનું આપણને જ્ઞાન થાય છે ત્યારે તે એવું તો એકદેશીય હોય છે કે થોડા વખતમાં તે જ્ઞાન નિરૂપયોગી લાગે છે અને તેને બદલે કોઇ નવી કલ્પનાનો આશ્રય લે છે. **क्षणे क्षणे यन्नवतामुपैति तदेवरूपं रमणीयतायाः** એ સિદ્ધાંત દરેક સામાન્ય મનુષ્યોને લાગુ પડે છે. તેને અનુસરીને દરેક મનુષ્યોની ભાવનાઓ જેમ જેમ સંયોગો નવા નવા પ્રાપ્ત થતા જાય છે તેમ તેમ નવા નવા આદર્શો ઉત્પન્ન કરાવે છે, તેને અંગે મનુષ્યોની વિવેકદૃષ્ટિની આસપાસ રંગબેરંગી કુંડાળાઓ ઉત્પન્ન, થાય છે અને તેમાંથી વિવેકબુદ્ધિની નિર્મળ જ્યોતિ પ્રકટ કરવામાં મનુષ્યની મહત્વતા છે.

મનુષ્યજીવનમાં આ રીતે પૂર્વ સંસ્કારો વર્તમાન સંયોગો અને શ્રમિત મન, વિવેકદૃષ્ટિને જાગૃત થવાં દેતાં નથી. જે દૃષ્ટિ પ્રત્યેક મનુષ્યને પોતાના જીવનને લાયક હોવી જોઇએ તે જો તે જીવનમાં અપ્રકટ રહી હોય તો તેનું તે જીવન ઘણે અંશે પુરૂષાર્થહીન રહે છે; અને જીવનનું તત્વ પ્રાપ્ત થઈ શકતું નથી. આપણા આચારો, આપણા ધર્મના પ્રત્યેક અંશો, આપણી વ્યવહારની સર્વ ક્રિયાઓ—એ સર્વમાં વિવેકદૃષ્ટિનું અસ્તિત્વ હોય તોજ સફળતા ગણાય છે.

જે વિવેકદૃષ્ટિ માટે પૂર્વોક્ત પરિસ્થિતિ કહેવામાં આવી તે વિવેકદૃષ્ટિ સમજવી જેટલી કઠણ છે તે કરતાં તે પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો તે અનેકગણો કઠિન છે. વિચાર, વાણી અને વર્તનના પ્રત્યેક પ્રસંગોમાં વિવેકની સંપૂર્ણ જરૂર છે. તે ન હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો એ ત્રણેવાનાં અવ્યવસ્થિત હોવાને અંગે મનુષ્ય જીવન પશુતુલ્ય થઇ શકવામાં જરાપણ વાંધો રહેતો નથી. અને મનુષ્યનો મોટો વિભાગ તે પરિસ્થિતિમાંજ સડયા કરે છે. જ્ઞાનીજનો એજ વારંવાર પ્રબોધી ગયા છે કે ' પ્રત્યેક પ્રસંગોમાં વિવેકદષ્ટિ રાખીને કાર્ય કરો. '

આપણા ભોજનના પ્રસંગોમાં આપણી વિવેકદષ્ટિ રહી નથી; આપણાથી વયોવૃદ્ધ અથવા જ્ઞાનવૃદ્ધ મનુષ્યો સાથેના પ્રસંગોમાં આપણી વિવેકબુદ્ધિનો વિનાશ થયો છે; ધનવાનો ગરીબોની સાથે, અને ગરીબો ધનવાનોની સાથે ઉચિત કર્તવ્યો સમજી શકતા નથી, અને વિવેકબુદ્ધિની ખામી સ્પષ્ટ જણાઇ આવે છે. આપણી જ્ઞાતિમાં અને કુટુંબમાં જ્યાં વિવેકબુદ્ધિની ખામી પ્રસંગે પ્રસંગે આપસ આપસમાં જોવામાં આવે છે ત્યાં આપણે સ્વરાજ્ય અને દેશોદ્ધારના પ્રયાસો કેવી ઉચ્ચ રીતે સાધી શકીએ ! એ મી. ગાંધીનું કથન અયથાર્થ નથી. ઉચિત કર્તવ્ય પ્રથમ સમજવાની જરૂર છે અને તે પછી પ્રત્યેક વ્યવહાર અથવા ધર્મને લગતા પ્રસંગોમાં વિવેકદષ્ટિથી કાર્ય કરી તેનાથી ઉત્પન્ન થતાં સારાં ફળોની આશા રાખવી યોગ્ય છે.

જૈનદર્શન જેને ' અંતરાત્મપણું ' કહે છે તેજ આ વિવેકબુદ્ધિ છે. અંતરાત્મપણું પ્રાપ્ત થયા પછી મનુષ્ય પ્રત્યેક પ્રસંગોમાં ઉચિત કર્તવ્યના લક્ષ્યબિંદુને ગ્રહણ કરી તે તે પ્રસંગોના પ્રકરણો પૂર્ણ કરે છે અને તે પ્રસંગોની વચ્ચે આવેલા વિઘ્નો અથવા આનંદોને જુદીજ રીતે સંકેલી લેતો હોય છે.

પૂર્વ અને પશ્ચિમના ગાઢ સમાગમ પછી આપણી પ્રાચીન વિવેકબુદ્ધિનું સૌંદર્ય પૂર્વ ખોઇ બેઠું છે. આપણું ઉદાત્ત અને સૂક્ષ્મ જીવન અત્યારે વ્યાપાર, મોજશોખો અને ભૌતિક અપેક્ષાઓ ( material needs ) તૃપ્ત કરવામાં અલોપ થઈ ગયું છે. એ સૌંદર્યને પુનઃ પ્રાપ્ત કરવા સત્સંગો અને શાસ્ત્રો મોજુદ છે; તેનું વારંવાર મનન કરવું-કરાવવું તેને અનુકુળપણે જમાનાના મનુષ્યોની રૂચિ અનુસાર ગોઠવવું એ પ્રાચીન વિવેકબુદ્ધિને જાગૃત કરવા-કરાવવા માટે અત્યંત આવશ્યક છે.

વિવેકબુદ્ધિ કયે સ્થાને કેટલા પુરતી રાખવી એ મનુષ્યનો આત્મા પોતેજ પોતાના પ્રાપ્ત કરેલા અનુભવ ઉપરથી નક્કી કરી શકે છે. પરંતુ એ અનુભવ પ્રાપ્ત કરવામાં મોટો તફાવત રહેલો છે અને એ તફાવત અનુસાર તેની વિવેકબુદ્ધિની યોજનામાં પણ તફાવત રહે છે. આથી એ અનુભવ પ્રાપ્ત કરવા માટે પૂર્વપુરૂષોના ચરિત્રો વાંચી વિચારી પૃથક્કરણ કરવાં જોઇએ. મનુષ્યને દુઃખદાયક અવસ્થામાંથી બચાવનાર વિવેક-ઉચિત કર્તવ્યની પરિપાલના-છે. શાસ્ત્રોમાં પદેપદે જે જ્ઞાન અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનુભવનો સંગ્રહ દેખાય છે તે વિવેકદૃષ્ટિનું ફળ છે, જે મનુષ્યમાં એ દૃષ્ટિનો પ્રભાવ માલુમ પડે છે તે જુદી રીતે પોતાના પ્રત્યેક વિષયમાંથી રસ અનુભવી શકે છે.

માનસિક શક્તિ (degenerative phychosis) ટકાવી રાખવાને માટે વિવેકબુદ્ધિ સંપૂર્ણ રીતે કામ કરે છે. આત્માને વિશાળ સામર્થ્યમાં ગતિમાન કરવા માટે વિદ્યુત્ કરતાં વધારે ઝડપથી કામ કરે છે. જે રાત્રિ સર્વ પ્રાણીઓની ઉંઘમાં હોય છે તે સંયમી મનુષ્યની જાગૃતિવાળી શી રીતે હશે! એ વિચાર કરતાં વિવેકનું સામ્રાજ્યજ માલૂમ પડે છે; આ ઉપરથી એ પરિણામ ઉપર આપણે આવવું પડે છે કે વિવેકબુદ્ધિ જે સહજ રીતે અપ્રકટ છે તે પ્રકટ કરવી જોઇએ. તેને માટે શાસ્ત્રોક્ત પ્રયાસો એકઠા કરી આત્માને ઉચ્ચ પરિસ્થિતિમાં મુકવો જોઇએ. જે જે જીવન-કલહો આપણી સમક્ષ સંયોગાનુસાર આવી પડેલા છે તેનું યથાર્થ નિરીક્ષણ કરી વટાવવા જોઇએ. વિવેક દૃષ્ટિનું આ ખાસ કર્તવ્ય છે. તે કર્તવ્યનું અસ્તિત્વ પૂર્વ-કાળ કરતાં આ કાળે ખાસ કરીને નષ્ટ થયેલું છે. અને એક પગથીયું ઉતરતાં જેમ મનુષ્ય લપસી જાય છે અર્થાત્ **विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः** એ સિદ્ધાંતને અનુસરીને મનુષ્યજીવન એ પરજીવન–પશુજીવન થઇ ગયેલું છે તેનો પુનરૂદ્ધાર આ કાળે જે જે રીતે થાય તે તે રીતે કરવા શક્તિસંપન્ન મનુષ્યોએ તૈયાર થવું જોઇએ છે. તેમાંજ આત્માના, કુટુંબના, જ્ઞાતિના અને દેશના હિતના પ્રશ્નો પણ સર્વ રીતે સમાઇ જાય છે.

વ્યવહારના અનેક પ્રસંગોમાં વિવેકદૃષ્ટિ કયાં રાખવી તેનો નિર્ણય પોતાનો અનુભવ અને પ્રસંગો કરી આપે છે. ઘણા પ્રસંગો એવાં હોય છે કે જેમાં પ્રતિકૂળ થવાથી કશો લાભ હોય નહિં છતાં મનુષ્યો પ્રતિકૂળ પક્ષને સ્વીકારી લે છે–પકડી રાખે છે. એક કહે છે કે કાલ કરતાં આજે ગરમી વિશેષ છે બીજો કહે છે કે ના, કાલ જેટલીજ છે; મારવાડી લોકો પોતાની પસંદગી વાળી પાઘડીને વખાણશે જ્યારે ગુજરાતીઓ પોતાની પસંદગીવાળી પાઘડીને શ્રેષ્ઠ ગણશે; ખરૂં જોતાં બંન્નેના અનુમાનો કલ્પિત છે. કાલે કેટલી ગરમી હતી તેનું માપ કોઇએ કાઢયું નહોતું તેમજ કઈ પાઘડી સુંદર છે તેનો નિર્ણય કર્યો નહોતો પરંતુ બંનેએ પોતાના પૂર્વ સંસ્કારો અને અનુમાનપર તર્કો ચલાવેલા છે. પરંતુ તેઓ એકબીજાને અનુકુળ થવા વિચારતા નથી. બેમાંથી એક બીજાને અનુકુળ થાય તો તેમાં કાંઇ હાનિ નથી; અને બીજો પ્રસન્ન થાય એમ છે પરંતુ વિવેકદૃષ્ટિનો ઉપયોગ જે સ્થાને થવો જોઇએ ત્યાં નહીં થતો હોવાને લઇને પૂર્વોકત દૃષ્ટાંતોની પ્રમાણે પ્રસંગે પ્રસંગે પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પણ એક જનસમુદાયનો સ્વભાવજ થઇ ગયો છે કે કોઇની આરંભમાં મિત્રતા થતાં તેના ગુણ તરફ દૃષ્ટિ જાય છે પરંતુ જ્યાં થોડો કાળ તેની સંગતિ થઇ કે પછી તેમાં દોષો જણાવા માંડે છે અને કાળે કરીને જે ગુણ તરફ વિચારીને મિત્રતા બાંધી હોય છે તેજ ગુણ મિત્રતા બાંધનારને દોષરૂપ જણાય છે, તેવીજ રીતે ખાસ કરીને દોષો શોધવાની વૃત્તિઓ એટલી બધી પ્રત્યેક પ્રસંગે બહેકી ગઇ હોય છે કે સામાન્ય કાર્યને અંગે પણ તેઓ પ્રકટ થઇ જાય છે અને વિવેક દૃષ્ટિની ગેરહાજરીમાં દોષોનું દર્શન વારંવાર કરે છે જેથી જે ગુણોની વૃદ્ધિ વિવેકદૃષ્ટિ બહુજ થોડા વખતમાં કરી આપે છે તે રોકાઇ જાય છે.

વિવેકદૃષ્ટિ આધ્યાત્મિક વિભાગમાં ઘણોજ અગત્યનો ભાગ ભજવે છે. વિવેકદૃષ્ટિસંપન્ન આત્માનું અંતઃકરણ સર્વત્ર ગુણ જોઇ હંસ સમાન ભેદ પારખી શકે છે. ખરૂં જોતાં જગત્‌માં એવું એકે પણ પ્રાણીપદાર્થ નથી કે જેમાં ગુણ ન હોય. તેમાં પણ જેની દૃષ્ટિ ગુણગ્રાહી થઇ હોય છે તેને સર્વમાં ગુણજ જણાય છે. તેથીજ આપણા શાસ્ત્રકારોએ સુગંધ–દુર્ગંધ અથવા સ્નિગ્ધ–ખર સ્પર્શ વિગેરે વિરોધી પદાર્થોને–ઉભયને–ગુણ તરીકે સંબોધેલા છે. પરંતુ જ્યાંસુધી આપણને અમુક પદાર્થમાં ગુણ ન જણાય ત્યાંસુધી તેનો વિચાર કરવાની જરૂર નથી, પરંતુ તે પદાર્થના દોષનો વિચાર કરવો એ પ્રતિદિન આપણી વિવેકદૃષ્ટિ ખોવા સિવાય અન્ય લાભ નથીજ. ગુણદૃષ્ટિ પ્રસારનાર ગુણસ્વરૂપ થઇ શકે છે.

પોતાના લક્ષ્યમાંથી ખસી બીજામાં ન વહી જનાર બળને ઉત્પન્ન કરવાનું ખાસ કામ વિવેકબુદ્ધિ કરે છે. આત્માનો આ એકજ ગુણ જ્યાં અનવધિ સામર્થ્યને પ્રકટ કરાવી જગત્‌માં અલૌકિકતાનું દર્શન કરાવે છે તો બીજા અનેક સદ્‌ગુણોથી આત્માનું સ્વાભાવિક જીવન કેવું મનોહર અને ઉત્તમ બને એ કલ્પનાની ઝાંખી પ્રત્યેક મનુષ્ય પોતાના અનુભવ પ્રમાણે કરી શકે છે. પ્રયત્નના અભાવે મનુષ્ય સ્વભાવ સમજી શકવો દુર્લભ છે, તેમજ સારાસારની વહેંચણી સમજવી એ તેથી વધારે મુશ્કેલીવાળું કાર્ય છે. ઉત્સાહને પ્રકટ કરી તે સફળ થાય અને ઉન્માર્ગે જવાનો પ્રસંગ ન પ્રાપ્ત થાય એ વિવેકદૃષ્ટિનું મુખ્ય આદર્શ (goal) છે. સ્વતંત્ર તુલના કરવાની [illegible] આ કાળે ઘણે અંશે નષ્ટ થઇ છે; એ પુનઃ સજીવન કરવાના પ્રયત્નો પ્રકટ [illegible] જો તરીકે કર્તવ્યનું ભાન થાય તોજ એ વિવેકદૃષ્ટિનો સદ્‌ભાવ પ્રકટ થાય.

ફતેહચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्री सूक्तरत्नावळी.

( સરહસ્ય )

( ગતાંક પૃષ્ટ ૧૯૮ થી શરૂ. )

वपुः शेषोऽप्यपुण्यात्मा, स्वभावं न विमुञ्चति ।
जहाति जिह्मतां रज्जुर्ज्वलितापि न जातुचित् ॥ ६२ ॥

નઠારો માણસ મરી જાય તોપણ પોતાનો સ્વભાવ છોડતો નથી. દોરી બાળી હોય તો પણ કદિ તેની વક્રતા (વળ) છોડતી નથી. ૬૨

सतां नोपप्लवाय स्युर्द्विजिह्वा मिलिता अपि ।
नैषिः सङ्गाद्भुजङ्गानां,....[2]....चन्दनद्रुमः ॥ ६३ ॥

સારા માણસોને બે [1]જીભવાળા–લુચ્ચા માણસોનો સંગ થયો હોય તોપણ તેમનો અનાદર થતો નથી. ચંદનના વૃક્ષને સર્પોનો સંગ થાય છે, તોપણ તેને લોકો શું નથી ઈચ્છતા ? ૬૩

निजकार्याय दुष्टोऽपि, महद्भिर्बहु मन्यते ।
दाहकार्यपि सप्तार्चिरिन्धनार्थं[3] गवेष्यते ॥ ६४ ॥

જો પોતાનું કામ સરતું હોય તો મોટા પુરૂષો દુષ્ટ માણસને પણ બહુ માન આપે છે. અગ્નિ દાહ કરનારો છે, તથાપિ તે રાંધવા માટે શોધાય છે. ૬૪

कुप्रसिद्धिः कुसङ्गेन, तत्क्षणान्महतामपि ।
महेशो विषसान्निध्यात्, कण्ठेकालोऽयमीरितः ॥ ६५ ॥

મોટા માણસો પણ જો કુસંગ કરે તો તત્કાળ તેમની નઠારી ખ્યાતિ થઈ જાય છે. શંકરે વિષને પાસે રાખ્યું તો તેઓ લોકોમાં कंठेकाल ના નામથી પ્રખ્યાત થઈ ગયા. ૬૫

न सतसंस्तत्रसौभाग्यं, गदितुं गुरुरप्यलम् ।
तन्तुभिः सुमनः[3] सङ्गाल्लब्धं स्वाहाभुजां शिरः ॥ ६६ ॥

---

૧ સર્પો બે જીભવાળા છે અને જે ફર્યું બોલે તેવા લુચ્ચા લોકો પણ બે જીભવાળા કહેવાય છે.

२ अत्राक्षरत्रयं त्रुटितम्; तच्च ' भृङ्गैः किं ' इति संगच्छेत । ३ इन्धनार्थं काष्ठार्थं काष्ठप्रज्वालनार्थमित्यर्थः । ' रन्धनार्थं ' इति पाठो लभ्येत चेत् पाचनार्थमिति सुगम एवार्थ स्यात् । ३ सुमनसां पुष्पाणां, सतामित्यपि ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સારા માણસોના સંગનું સૌભાગ્ય એટલું બધું છે કે તેને કહી શકવાને બૃહસ્પતિ ગુરૂ પણ સમર્થ થઈ શકતા નથી. સૂત્રના તંતુઓ સુમનસ્-પુષ્પનો સંગ થવાથી દેવતાઓના મસ્તક ઉપર ચડી શકે છે. ૬૬

निःसारे वस्तुनि प्रायो, भवेदाडम्बरो महान् ।
कुसुम्भे रक्तिमा यादृग्, घुसृणे न च तादृशी ॥ ६७ ॥

પ્રાયે કરીને નિઃસાર વસ્તુની અંદર મહાન્ આડંબર દેખાય છે, જેવી રતાશ કસુંબાની અંદર દેખાય છે, તેવી રતાશ કેશરની અંદર દેખાતી નથી. ૬૭

क्षीयतेऽभ्युदयेऽन्येषां, तेजस्तेजस्विनामपि ।
नोदये पद्मिनीबन्धोः, किं दीपाः क्षीणदीप्तयः ? ॥ ६८ ॥

બીજાઓના અભ્યુદયમાં તેજસ્વી માણસોનું તેજ પણ ક્ષીણ થઈ જાય છે. સૂર્યનો ઉદય થતાં શું દીવાઓની કાંતિ ક્ષીણ નથી થતી? ૬૮

पात्रे शुद्धात्मने वित्तं, दत्तं स्वल्पमपि श्रिये ।
दत्ते स्निग्धानि दुग्धानि, यद्गवां चारितं तृणम् ॥ ६९ ॥

શુદ્ધ આત્માવાળા પાત્રમાં અલ્પ દ્રવ્ય આપ્યું હોય તોપણ તે સમૃદ્ધિને આપનારૂં થાય છે. ગાયોને ચરાવેલું ઘાસ સ્નિગ્ધ પયને આપે છે. ૬૯

स्वल्पसत्त्वेष्वपि स्वेषु, वृद्धिः सत्स्वेव निश्चितम् ।
उद्गमो यज्जनैर्दृष्टः, सतुषेष्वेव शालिषु ॥ ७० ॥

સ્વજનો અલ્પ સત્વવાળા હોય તોપણ તેઓમાંથી આબાદી થાય છે. ડાંગરશાળી છાલાવાળી હોય તોપણ તે લોકોના જોવામાં આવે છે. ૭૦

सिद्धिं सृजन्ति कार्याणां, स्मितास्या एव साक्षराः ।
लेखा उन्मुन्द्रिता एव, जायन्ते कार्यकारिणः ॥ ७१ ॥

હસતા મુખવાળા સાક્ષર પુરૂષો કાર્યોની સિદ્ધિ કરે છે. મુદ્રિત કરેલા લેખો કાર્ય કરનારા થાય છે. ૭૧

उपकारः सतां स्थानविशेषाद्गुणदोषकृत् ।
लोके घूके रवेर्भासस्तेजसे चाऽप्यतेजसे ॥ ७२ ॥

સારા માણસોનો ઉપકાર સ્થાન પરત્વે ગુણ અને દોષ કરે છે. સૂર્યની કાંતિ લોકોને પ્રકાશ આપે છે અને ઘૂડ પક્ષીને પ્રકાશ આપતી નથી. ૭૨

---

૧ સુમનસ્નો અર્થ પુષ્પ અને સજ્જન-બંને થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજે શ્રી વડોદરા નરેશ પાસે આપેલ વ્યાખ્યાન.

( ગતાંક પૃષ્ટ ૧૮૩ થી ચાલુ. )

### પરસ્પર વિરોધ ન આવે તેમ ધર્મ અર્થ કામ એ ત્રણ વર્ગનું સાધન કરવારૂપ અઢારમા ગુણનું સ્વરૂપ.

ત્રણ વર્ગ ધર્મ અર્થ ને કામ. જેનાથી અભિષ્ટ કાર્યનો ઉદય અને મોક્ષની સિદ્ધિ થાય, તેનું નામ ધર્મ કહેવાય છે, અને જેનાથી લૌકિક કાર્ય પ્રયોજનની સિદ્ધિ થાય. તેનું નામ અર્થ કહેવાય છે. અને જેનાથી અભિમાનના રસથી પ્રેરાએલી ઇંદ્રિયોને પ્રીતિ થાય, તેનું નામ કામ કહેવાય છે. આ ધર્મ અર્થ અને કામ રૂપ ત્રણે વર્ગ પરસ્પર ગુંથાએલ છે. તેમાં એક બીજાનો ઉપઘાત ન થાય, તેવી રીતે ગૃહસ્થોએ સેવન કરવા. પરંતુ કોઇનો ઉપઘાત થાય તેમ ન કરવું. જો ધર્મ અને અર્થનો ઉપઘાત કરી કેવળ કામનેજ સેવન કરે તો અરણ્યમાં રહેલા હાથી જેમ વિષય સુખમાં મગ્ન થઇને આપત્તિનું સ્થાન થાય છે, તેમ તે માણસ પણ દુ:ખના સ્થાનરૂપ થાય છે. તેમજ જે પુરૂષ ધર્મ અને કામને ઉલ્લંઘન કરી કેવળ અર્થજ ઉપાર્જન કરવામાં તત્પર રહે છે, તેના ધનનો બીજા માણસો ઉપભોગ કરે છે. અને પોતે તો હાથીને મારનાર સિંહની જેમ કેવળ અર્થ ઉપાર્જન કરવાની ખાતર કરેલ અનીતિ આદિ દુષ્કર્મનોજ ભાગીદાર થાય છે. તેમજ જે પ્રાણી ધર્મની અવગણના કરી કેવળ અર્થ ઉપાર્જન કરવામાં અને કામ ( ઇચ્છિત પંચેંદ્રિયોના વિષય ) નું સેવન કરવામાં આસકત બને, તો વાવવાને આપેલા બીજનું ભક્ષણ કરનાર કણબીની જેમ દુ:ખી અવસ્થાને પ્રાપ્ત થાય છે. અને જે માણસ અર્થ તથા કામ એ બેની ઉપર બેદકારી કરીને કેવળ ધર્મનું સેવન કરવા ઇચ્છે છે તે પુરૂષે તો ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને સાધુપણું અંગીકાર કરવું એજ ઘણું સારૂં છે. અર્થાત્ ગૃહસ્થોએ એકલો ધર્મજ અંગીકાર કરવો, એ પણ ઉચીત નથી. પરંતુ પરસ્પર બાધારહિત ત્રણે વર્ગોનું સેવન કરવું. તેમાં પણ વિશેષ કરીને ધર્મનું સેવન કરવું. કારણ ધર્મ વિના અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી. કહ્યું છે કે:—

> त्रिवर्गसंसाधनमन्तरेण, पशोरिवायुर्विफलं नरस्य ।
> तत्रापि धर्मं प्रवरं वदन्ति, न तं विना यद्भवतोऽर्थकामौ ॥ १ ॥

**ભાવાર્થ**—ધર્મ, અર્થ અને કામ આ ત્રણ વર્ગના સાધન વિના મનુષ્યનું આયુષ્ય નિષ્ફળ છે. તે ત્રણ વર્ગમાં પણ ધર્મ છે તે શ્રેષ્ટ છે. કારણ તેના વિના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ અને કામની પ્રાપ્તિ થતી નથી. ૧ ॥

ઉપરના હેતુથી ગૃહસ્થોને ત્રણે વર્ગનું સાધન કરવું ઉચિત છે.

॥ ઇતિ અઢારમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ ॥

## ॥ અતીથિ દીનાદિ પુરૂષોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરવા રૂપ ઓગણીસમા ગુણનું સ્વરૂપ. ॥

અતીથિ અને દીન આદિ જનોની યથોચિત સેવા કરવી. હમેશાં અતિ ઉજ્વળ આચરણની પ્રવૃતિવાળો અથવા તીથિ વિગેરે દિવસનો જેને વિભાગ નથી, તે અતીથિ, અને ધર્મ અર્થ કામની આરાધન કરવામાં અત્યંત અશકત એવા લુલા, આંધળા, બહેરા આદિ દીન ઉપરોકત અતીથિ તથા દીન પુરૂષો આદિની સેવા કરવી પણ ઉચિત છે. ઔચિત્ય રહિત ગુણોનો સમૂહ હોય, તો તેપણ યોગ્યતાને પ્રાપ્ત થતો નથી. માટે અતીથિ ( સાધુ ) ની પુણ્યાનુબંધી પુન્યને અર્થે દીનાદિકની દયાને અર્થે યથોચિત્ત સેવા કરવી જોઇએ.

॥ ઇતિ ઓગણીસમા ગુણનું સ્વરૂપ સંપૂર્ણ. ॥

અપૂર્ણ.

# જાહેર ખબર.

અમદાવાદ તા ૧૬ માહે ૪ સને ૧૯૧૮.

સંવત ૧૯૭૪ ના ચૈત્ર શુદી ૫ ભોમ

મે. શ્રી આત્માનંદ જૈન સભા.

મુ. ભાવનગર.

અમદાવાદથી લી. પાનસરના શ્રી મહાવીર સ્વામીજી મહારાજના કારખાનાની કમીટી વિ. વિ. કે પાનસરમાં મહાવીર સ્વામી મહારાજશ્રીને તખ્તનશીન કરવાનું પ્રતિષ્ઠાનું મુહુર્ત સંવત ૧૯૭૪ ના વૈશાખ શુદી ૬ ને ગુરૂવાર તા. ૧૬–૫–૧૯૧૮ ના રોજ નિરધાર્યું છે. તે પ્રસંગે સકળ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને આમંત્રણ કરવાની કંકોત્રીઓ કાઢી છે. પણ તમામ સ્થળે તે પહોંચી ન પણ શકે તેથી આપના માન્ય પત્રમાં આ બાબત ધ્યાન ખેંચાય તેવી રીતની જાહેરખબર છાપવાને સૂચના આપવા મહેરબાની કરશો.

ઝવેરી વાડીલાલ વખતચંદ.
શા. ભોગીલાલ સાંકળચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સૂધારો.

શ્રી આત્માનંદ પ્રકાશના મેનેજર,

નીચેનો સુધારો આપના પ્રખ્યાત માસિકમાં મૂકશો.

વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ ભાગ ૧ લા ના પૃષ્ટ ૪૯૩ ની નીચે "**પર્યુષણ પર્વ ભાદરવા શુદી પંચમી અને શ્રી કાળકાચાર્યથી શુદ ચોથે કરવા મહાન આચાર્યોનું ફરમાન છે; જેથી ભાદરવા શુદ ૪ ઉપરાંત કરવું યોગ્ય નથી.**" આટલી ફુટનોટ લખવી જોઇતી હતી પણ લખાયેલ નથી તે મારી ભૂલ થયેલી છે તે સુધારવા જૈનાચાર્ય **શ્રી વિજયકમળસૂરિશ્વરજી** મહારાજે તથા ઉપાધ્યાયજી મહારાજ **શ્રી વીરવિજયજી મહારાજે** અમોને સુચના કરેલ છે જેથી તેઓનો ઉપકાર માનું છું અને આ સંગ્રહિત ગ્રંથ હોવાથી કોઇ સ્થળે અમારો પ્રમાદ થયેલો જણાય તે બાબતમાં અમોને કોઇ મહાશય યોગ્ય સુચના કરશે તો હવે પછી ઉપકાર પૂર્વક સુધારવામાં આવશે.

લી० વિનયવિજયજી.

સં. ૧૯૭૪ ચૈત્ર શુદિ ૫

---

## ઝવેરી પરમાણંદદાસ લાલચંદનો સ્વર્ગવાસ.

ઘોઘા નિવાસી ઉક્ત બંધુ ગયા માસના વદી ૩૦ ના રોજ માત્ર બે ત્રણ દિવસની પ્લેગની બીમારી ભોગવી માત્ર ત્રીશ વર્ષની ભરયુવાન વયે અત્રે પંચત્વ પામ્યા છે. ભાઇ પરમાણંદદાસ સ્વભાવે સરલ, શાંત, મળતાવડા અને ધર્મનિષ્ઠ બંધુ હતા. તેઓ આ સભાના સભાસદ હતા અને સભા ઉપર અત્યંત લાગણી ધરાવતા હતા. તેઓના આ ખેદકારક મૃત્યુથી સભાએ એક લાયક સભાસદ ગુમાવ્યો છે, જેને માટે અમો સંપૂર્ણ દિલગીર છીએ. ભવિતવ્યતા આગળ મનુષ્યમાત્રનો ઇલાજ નથી. તેઓના પવિત્ર આત્માને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાઓ તેવું ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## છપાયેલા ગ્રંથોના નામ.

૧ સુકૃત સંકીર્તન મહાકાવ્ય સી. ડી. દલાલ લેખિત ઇંગ્લીશ પ્રસ્તાવના સાથે. ૦-૬-૦
૨ સામાચારી પ્રકરણ સટીક. ૦-૮-૦
૩ કુમારપાળ ચરિત્ર. ૦-૮-૦
૪ મહાવીર ચરિત્ર પ્રાકૃત. ૦-૧૩-૦
૫ કૌમુદીમિત્રાણંદ નાટક. ૦-૬-૦
૬ પ્રબુદ્ધ રૌહિણેય નાટક. ૦-૫-૦
૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ (પ્રથમ ભાગ) ૦-૮-૦

## થોડા વખતમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ થશે.

૧ ધર્માભ્યુદય નાટક, સૂક્તમુક્તાવળી. ૦-૪-૦
૨ પંચનિગ્રંથી પ્રજ્ઞાપના તૃતીયપાદ-સંગ્રહણી સટીક. ૦-૪-૦
૩ રત્નશેખરી કથા. (પ્રાકૃત) ૦-૪-૦
૪ દાનપ્રદીપ. ૨-૦-૦
૫ બૃહત સંઘયણિ મોટી ટીકા. ૧-૧૨-૦
૬ શ્રાદ્ધવિધિ.
૭ ષડ્દર્શન સમુચ્ચય.

## છપાતા નવા ગ્રંથો.

૧ પંચસંગ્રહ. શેઠ રતનજીભાઇ વીરજી તરફથી.
૨ સત્તરિસય ઠાણુ સટીક—શાહ ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી.
૩ સુમુખનૃપાદિમિત્ર ચતુષ્ક કથા. શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી.
૪ ચૈત્યવંદન મહાભાષ્ય.
૫ ધર્મપરીક્ષા. જામનગરવાળી બેન મણી ત.
૬ જૈન મેઘદૂત સટીક.
૭ પ્રાચીન જૈન લેખસંગ્રહ દ્વિતીય ભાગ
૮ જૈન ઐતિહાસિક ગૂર્જર રાસ સંગ્રહ.
૯ દ્રૌપદી સ્વયંવર નાટક.

## છપાવવાના ગ્રંથો.

૧ સિદ્ધપ્રાભૃત સટીક.
૨ ષટ્સ્થાનક સટીક.
૩ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૪ શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ સટીક.
૫ બંધહેતૂદય ત્રિભંગી સટીક.
૬ બંધોદયસત્તા પ્રકરણ સટીક.
૭ વિજયચંદ કેવળી ચરિત્ર પ્રાકૃત.
૮ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૯ વિજયદેવસૂરિ માહાત્મ્ય.
૧૦ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૧૧ પ્રાચીન પાંચમો કર્મગ્રંથ.
૧૨ લિંગાનુશાસન સ્વોપજ્ઞ ટીકા સાથે.
૧૩ ધાતુ પારાયણ.

## આગમો છપાવવાની થયેલ યોજના.

१ अंतगडदशासूत्र सटीक.
२ अनुत्तरोववाईसूत्र सटीक.
३ उपासकदशांग सटीक.
४ नंदीसूत्र. श्रीहरिभद्रसूरिकृत टीका साथे.

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ પંડિત હરગોવનદાસ ત્રિકમલાલ. રે. રાંધનપુર હાલ બનારસ. લાઇફ મેમ્બર. બી. વ. લા. મે.
૨ શ્રી યશોવિજયજી જૈન પુસ્તકાલય. " "
૩ શા. ખીમચંદ ફુલચંદ. રે. મુંબઇ. પે. વ. વાર્ષિક મેમ્બર.
૪ શેઠ ભગવાનલાલ માણેકચંદ. રે. ભાવનગર. "
૫ શા. મેઘજી ત્રીભોવન. રે. જલાલપુર. "

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છપાઇ બહાર પડયો છે.

( ગુર્જર ભાષાંતર ) **શ્રીભગવતી સૂત્ર.** ( પ્રથમગુચ્છ )

**કિંમત રૂા. ૨-૮-૦ ટપાલખર્ચ જુદું.**

**આ સૂત્રના વાંચન વખતે સોનામોહોરોની પ્રભાવનાઓ થઇ છે, ત્યારે શું તમારા ઘરમાં તેનો સંગ્રહ ન જોઇએ ?**

શ્રી જૈનધર્મનું ખરૂં જીવન સર્વજ્ઞ પ્રણીત સૂત્રો છે. આ ભારતવર્ષ ઉપર વિજયધ્વજ ફરકાવનાર આખા જૈન ધર્મની ઇમારત સૂત્રોના પાયા ઉપર જ રચાણી છે. ભગવાન્ શ્રી જિનપ્રભુની નીતિમય અને પવિત્ર આજ્ઞાઓ, ઉંડા રહસ્યો અને સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન જાણવાના મુખ્ય સાધન તેમના પવિત્ર સૂત્રોજ છે. ભગવાન્ શ્રી મહાવીરપ્રભુની વાણીની એક અક્ષર માત્રથી અનેક અમૂલ્ય શિક્ષાઓના પ્રવાહો એ સૂત્રોમાંથી છુટે છે. તે સૂત્રોમાં ઉપદેશોના સંગ્રહરૂપ ભંડારો ભરેલાં છે, અને તેમના દરેક વાકય, દરેક શબ્દ અને દરેક અક્ષર જ્ઞાનામૃતથી ભરપૂર છે.

સાંપ્રતકાલે જૈનોના પીસ્તાલીશ આગમો કહેવાય તેની અંદર આ પાંચમાં અંગરૂપે ભગવતી સૂત્રની એક મહાન્ આગમ તરીકેની ગણના થાય છે. આ મહાન્ સૂત્રમાં સ્થળે સ્થળે ઉત્તમ તત્ત્વજ્ઞાન ધર્મોપદેશ અને અધ્યાત્મ વિદ્યાના મૂળ તત્ત્વોનું યથાર્થ પ્રતિપાદન કરેલું છે. મનુષ્ય જન્મમાં આવશ્ય, પ્રાપ્તવ્ય અને જ્ઞાતવ્ય શી વસ્તુ છે તેનો બોધ કરનાર આ એક સર્વોત્તમ ગ્રંથ ગણાયો છે. પૂર્વાચાર્યોના કેટલાએક લેખોમાં કહ્યું છે કે, શ્રી મહાવીરપ્રભુ અને ગાતમસ્વામીના પ્રશ્નોત્તરરૂપે ગ્રંથિત કરેલા ભગવતીસૂત્રમાથી કર્મપ્રકૃતિના સ્વરૂપ, તાત્ત્વિક સિદ્ધાંતો, આચારધર્મો અને વિવિધ રહસ્યના બોધો મળી શકે છે; તેથી આ મહાન્ ગ્રંથ સંસારસાગરથી તરવાને ઉત્તમ નૌકારૂપ, જૈન સંવેગી મહાત્માઓને વિશ્રાંતિને માટે માનસરોવરરૂપ, અખંડ આત્મિક આનંદનો અનુભવ કરવાને કલ્પવૃક્ષરૂપ અને અનાદિકાળના અજ્ઞાનરૂપ ગજેન્દ્રને દૂર કરવામાં કેસરીસિંહરૂપ કહેવાય છે. તેમજ તે સાધુ–સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ ચતુર્વિધ સંઘના સર્વસ્વ ધનનો મોટો ખજાનો છે. આ પંચમાંગરૂપ ભગવતીસૂત્રમાં એકસોથી અધિક શતક છે. તેની અંદર દશહજાર ઉદ્દેશો છે. જે ઉદ્દેશોની અંદર એકંદર છત્રીશહજાર પ્રશ્નો આવે છે. પ્રત્યેક શતકની અંદર દશ દશ ઉદ્દેશો આવે છે.

આ પ્રથમ શતકના પહેલા ઉદ્દેશમાં કર્મના ચલનનો વિષય આવે છે તેની અંદર તે વિષે નવ પ્રશ્નો કરવામાં આવ્યા છે. બીજો ઉદ્દેશ દુઃખ વિષયનો છે, જેનાં જીવ પોતે કરેલા દુઃખને વેદના સંબંધી પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્રીજો ઉદ્દેશ કાંક્ષા પ્રદેશનો છે; જેમાં જીવે કરેલાં કાંક્ષામોહનીય કર્મના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચોથો પ્રકૃતિનો ઉદ્દેશ છે; જેમાં કર્મની પ્રકૃતિ–ભેદના પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. પાંચમો ઉદ્દેશ પૃથ્વી સંબંધી છે, જેમાં "પૃથ્વીઓ કેટલી છે?" એ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે. છઠ્ઠો યાવત્ ઉદ્દેશ છે, તેની અંદર કેટલા અવકાશને અંતરે સૂર્ય રહેલો છે, તે સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. સાતમા નૈરયિક ઉદ્દેશમાં નરકને વિષે ઉત્પન્ન થતાં નારકી સંબંધી નિર્ણય કરવામાં આવ્યો છે. આઠમા બાલ નામના ઉદ્દેશમાં "મનુષ્ય એકાંત બાલક છે કે કેમ?" એ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે. નવમા ગુરૂત્વના ઉદ્દેશમાં "જીવો કેવી રીતે ગુરૂત્વ–ભારેપણાને પામે છે?" ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે અને દશમા ચલનાદિ ઉદ્દેશોમાં ચાલતું છે, તે અચલિત છે. ચાલતું નથી. ઇત્યાદિ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવ્યો છે.

**પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ. ભાવનગર**

For Private And Personal Use Only